સુવિચાર
દિકરી તો વહાલનો દરિયો પણ દિકરી તો સાસરે જ શોભે. દિકરીનો દરજ્જો સાસરે જળવાઈ રહેવો જોઈએ.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૬/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ જેઠ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૫૮





## અસહ્ય ગરમી વચ્ચે મેઘાનું આગમન થતાં ઠંડક પ્રસરી

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ

**અમરેલી શહેરમાં ૪ વાગ્યા આસપાસ જોરદાર ઝાંપટુ પડી જતાં ઠંડક પ્રસરી**

**ચાંદગઢ, ગોખરવાળા સહિતનાં વિસ્તારમાં ગણતરીની મિનિટોમાં ૩ થી ૫ ઈંચ વરસાદ પડયો**

**લીલીયાનાં આંબા, કણકોટ અને સાવરકુંડલાનાં વંડા, મેકડા, જેજાદમાં પણ વરસાદ**

**અમરેલીમાં ૧૨, લાઠીમાં ૧૮, લીલીયામાં ૧૦ અને વડિયામાં ૪ મી.મી. વરસાદ નોંધાયો**







અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણાં જ સમયથી લોકો કાળઝાળ ગરમીમાં બફાય રહયા હતા. ત્યારે ચાર પાંચ દિવસથી વાદળછાયું વાતાવરણ રહયા બાદ આજે લગભગ ચાર વાગ્યા આસપાસ વાતાવરણમાં પલટો આવતાં અને જોરદાર પવન ફૂંકાયા બાદ વરસાદ શરૂ થયો હતો.

અમરેલી શહેરમાં જાણે વિધિવત ચોમાસાનો પ્રારંભ થયો હોય તેમ ધીમીધારે અર્ધો ઈંચ વરસાદ પડયો હતો અને લગભગ ૪૫ મિનિટ સુધી વરસાદ પડતાં શહેરના માર્ગો ઉપર પાણી વહી રહયા હતા. અમરેલીમાં આજે ચોમાસાના પ્રથમ વરસાદ પડતા લોકોએ વરસાદની મોજ માણવા માટે થઈ વાહન લઈ ચાલુ વરસાદે ભીંજાવા માટે

અનુસંધાન પાના ૬ ઉપર

## શ્રમિક પરિવારની લાડલી આરોહી જીંદગી સામેની લડાઈ હારી ગઈ


# અરેરાટી : લાઠીનાં સુરગપુરામાં ૧૭ કલાક સુધી બોરવેલમાં ફસાયા બાદ દોઢ વર્ષની બાળકીનું મોત

**એનડીઆરએફ, ફાયર સહિતની ટીમે ભારે મહેનત કરી પણ સફળતા ન મળી**

અમરેલી, તા.૧૫

અમરેલીમાં રેસ્કયુ ઓપરેશનના ૧૭ કલાક બાદ પણ બોરવેલમાં પડી ગયેલી માસૂમ બાળકી આરોહીને બચાવી શકાઈ નથી. જ્યારે બાળકીને બહાર કાઢવામાં આવી ત્યારે ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. એનડીઆરએફ અને સ્થાનિક પ્રશાસનની ટીમ તેને જીવતી બચાવી

અનુસંધાન પાના ૬ ઉપર



## વાડીએ રમતો હોય અચાનક દુર્ઘટના બની

# ખાંભાનાં જીકીયાળી ગામે પાણીનાં ટાંકામાં પડી જવાથી પાંચ વર્ષનાં બાળકનું મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૫

ખાંભા તાલુકાના જીકીયાળી ગામે રહેતા મોહનભાઈ હરદાસભાઈ ગરાસીયાનો ૫ વર્ષનો દિકરો ગતતા. ૧૪ના સવારના અગિયાર વાગ્યાથી સાંજના પોણા આઠેક વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન જીકીયાળી ગામે જેરામભાઈની વાડીએ રમતા–રમતા પાણીના ટાંકામાં પડી જતાં પાણીમાં ડૂબી જતા બાળક મરણ ગયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.












# અમરેલી જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

# નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં જનપ્રતિનિધિઓના પ્રશ્નોનું સકારાત્મક નિવારણ

## વિદ્યાર્થીઓને જરૂરી હોય તેવા દાખલાઓ સત્વરે કાઢી આપવા સંબંધિત અધિકારીઓને સૂચના આપતા જિલ્લા કલેકટર





અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની જૂન માસની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી–બગસરા–ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠી–બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના વિવિધ પ્રશ્નોની રજૂઆત સંદર્ભે આ પ્રશ્નોના નિવારણ માટે ચર્ચા કરવામાં આવી હતી.

સમસ્યાઓનો નિકાલ યોગ્ય રીતે થાય તે માટે સંબંધિત કચેરીના વડા સાથે સંકલન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટરે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં પ્રજાકીય પ્રશ્નોના સકારાત્મક નિવારણ માટે જરૂરી સૂચનાઓ સાથે દિશાદર્શન કર્યું હતુ. ખાસ કરીને જાતિના અને જનજાતિના દાખલાઓ, વિદ્યાર્થીઓને જરૂરી હોય તેવા દાખલાઓ સત્વરે કાઢી આપવા માટે જિલ્લા કલેકટરે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

લોકસભાની ચૂંટણી બાદ પ્રથમવાર યોજાયેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરિયાનું જિલ્લા કલેકટરે અભિવાદન કર્યુ હતું.

બાકી રહેતા પેન્ડિંગ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે જિલ્લા કલેકટરે, વિવિધ કચેરીઓના અધિકારી–કર્મચારીઓને સૂચના આપી હતી. પેન્ડિંગ કાગળોના નિકાલ, પેન્શન કેસ, આર.ટી.આઈ.ના કેસ સહિતના મુદ્દે ચર્ચા થઈ હતી અને અધિકારીઓને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા હિમકરસિંઘ, પ્રાંત અધિકારીઓ, વિવિધ કચેરીઓના અધિકારીઓ–કર્મચારીઓ અને જનપ્રતિનિધિઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતુ.

### હાઈકોર્ટના ચીફ જસ્ટીસે લોક અદાલત શરૂ કરાવી

# પ્રિલીગીટેશન લોક અદાલતમાં કોર્ટ કેસ થતાં પહેલા જ વૈવાહિક ઝઘડાનું સુખદ સમાધાન થયું

## દરેક જિલ્લા મથકે શરૂ થયેલ અદાલત લોક ઉપયોગી

અમરેલી, તા. ૧૫

આજના ઝડપી યુગમાં સંબંધો જેટલી ઝડપી બંધાય છે. એટલી જ ઝડપી તૂટે પણ છે. આજનાં સમયમાં દાંપત્યજીવનમાં પહેલાનાં જેવી ધીરજ રહી નથી એટલે લગ્નજીવનમાં નાની નાની બાબતે એકબીજાથી છૂટાછેડા લેવા સુધી વાત પહોંચી જાય છે.

આવા કટોકટીના સમયમાં દંપતિને જો મૈત્રીપૂર્ણ રીતે સાંભળવવામાં આવે અને સમજાવવામાં આવે તો તૂટવાનો આરે આવી ગયેલા સંબંધોને બચાવી શકાય છે. આવા જ એક શુભ આશયથી ગુજરાત હાઈકોર્ટનાં ચીય જસ્ટીસ સુનિત અગ્રવાલે સમગ્ર રાજયમાં જિલ્લા મથકે વૈવાહિક તકરાર નિવારણ અર્થે કાયમી પ્રિલીટીગેશન લોક અદાલતની શરૂઆત કરવી છે. જેમાં લગ્ન સંબંધિત તકરારોનું મૈત્રીપૂર્ણ અને શાંતિસભર વાતાવરણમાં સમાધાન પ્રક્રિયા કરવામાં આવે છે. કોઈપણ જાતના વકીલ ખર્ચે કે પોલીસ કેસ કે કોર્ટ કેસ કર્યા વગર જ આ સામાધાન પ્રક્રિયામાં ભાગ લઈ શકાય છે આવી જ એક લગ્નસંબંધી તકરારની અરજી આ લોકઅદાલત સમક્ષ અરજદાર મહિલા દ્વારા લાવવામાં આવી હતી. બનાવની હકીકત એવી છે કે, આ દંપતિનાં પાંચ મહિા પહેલા લગ્ન થયેલા હતો પરંતુ થોડા જ સમયમાં ગેરસમજ ઉભી થતા લાગી હતી અને ખટરાગ વધતા મહિલા પિયર પરત આવી ગઈ હતી. બાદમાં તેણીએ ફેમીલી કોર્ટ અમરેલી મારફત વૈવાહિક તકરાર નિવારણ માટેની કાયમી પ્રિલીટીગેશન લોક અદાલત સમક્ષ અરજી મૂકી હતી. અરજી મળતા, લોક અદાલતની બેંચ દ્વારા બંને પક્ષકારોને નોટીસ કરી લોક અદાલત સમક્ષ બોલવવામાં આવેલ હતા. જેમાં મેમ્બર્સ તરીકે સેવા આપતા એમ.જે. સૈયદ, પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને તાલીમ પામેલ મીડીયેટર એચ.એચ. સેજુ દ્વારા વિવાદગ્રસ્ત દંપતિએ વારાફરતી સાંભળવવામાં આવ્યા અને તેમની વચ્ચે સંવાદિત સર્જાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યાં. એકદમ ગુપ્ત અને તટસ્થ વાતવરણમાં બંતે પક્ષકારોના વિવાદનાં મુદોઓને સમજી, સંયુકત પ્રયાસોથી સુખદ અને કાયમી નિરાકરણ લાવવામાં આવ્યુ. આખરે બંને પક્ષકારો વચ્ચે સમજૂતી થતા તેનું લખાણ કરવામાં આવ્યુ અને એ રીતે પતિ–પત્ની એક છત નીચે જીવન જીવવા માટે હસતા–હસતા વિદાય થયા હતા.

આમ, દાંપત્યજીવનનાં વિવાદોને સોહાર્દપૂર્ણ રીતે ઉકેલવાના હેતુથી કાર્યરત થયેલ આ પારિવારિક પ્રિલીટીગેશન લોક અદાલતનો ઉદય પારિવારિક સુખાકારી વધારવાની છે. જે ઉદેશ આ રીતે સફળ થઈ રહ્યો છે.

### હીરો હોન્ડા માટેની સ્કીમનાં ગ્રાહકે ફરિયાદ કરતા

# લીલીયાનાં પાંચ તલાવડામાં 'શ્યામ ગૃપ'ની સ્કીમ ચલાવનારને એક વર્ષની સજાનો હુકમ

## આરોપીના રૂપિયા ૬૪,૫૦૦ ચુકવવા આદેશ

લીલીયા, તા. ૧૫

આરોપી મનિષભાઈ રમેશભાઈ બાબરીયા રહે. પાંચ તલાવડા તા. લીલીયા શ્યામ ગૃપ દ્વારા હીર હોન્ડા હપ્તા ઉપર સ્કીમ ચલાવતા હતા જેથી આ કામના ફરીયાદી અજયભાઈ મોહનભાઈ દાફડા રહે. બહારપરા અમરેલીએ આ સ્કીમમાં પોતાના દિકરાના નામે જોડાયેલ હતી. જેમાં ૪૮ હપ્તા ભરેલ હતા પરંતુ કોઈ સ્કીમમાં ગાડી ન લાગતા તેઓ ભરેલ પૈસાના બદલામાં રોક આપેલ હતો અને વિશ્વાસ આપેલ હતો કે પૈસા પરત મળી જશે પરંતુ રૂા. ૬૪,૫૦૦ નો ચેક વટાવામાં નાખેલ હતો પરંતુ ચેક પરત ફરતા નોટીસ આપેલ હતી ત્યારબાદ એડી.ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.જજની કોર્ટમાં કેસ દાખલ કરતા કેસ ચાલી જતા નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુન્હામાં ક્રિ.પ્રો કોડની કલમ–૨૫૫ (૨) હેઠળ તકસીરવાન ઠેરવી એક (૧) વર્ષની સાદી કેસની સજા કરવાનો આરોપીઓ ફરીયાદીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭ (૩) અન્વયે ફરિયાદ વાળા મુજબની રકમ રૂા. ૬૪,૫૦૦/–ની દોઢી રકમ આપવાનો હુકમ દિન – ૩૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે જો આરોપી સદર રકમ ચુકવવામાં કસુર કરે તો સદર આરોપીઓ વધુ ચાર માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે તેવો હુકમ કરેલ છે. અને ફરીયાદી તરફ એડવોકેટ સંજયભાઈ આર કાતરીયા એડવોકેટ એમ.જે.પરમાર રોકાયેલ હતા.

### ઈન્ચાર્જ પીઆઈ એ.એમ. રાધનપરાનાં અધ્યક્ષસ્થાને

# બાબરનાં પોલીસ સ્ટેશનમાં બકરી ઈદ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

## હિન્દુ–મુસ્લિમ સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા,તા.૧૫

બાબરાઃ આગામી બકરી ઈદ તહેવાર અંતર્ગત શાંતિ સમિતિની મીટીંગ બાબરા પોલીસ સ્ટેશન ખાતે ઈન્ચાર્જ પીઆઈ એ. એમ. રાધનપરાની અધ્યક્ષતામાં રાખેલ જેમાં બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારનાં રાજકીય, વેપારી, સામાજિક, વકીલ, મીડિયા આગેવાનો તથા હિન્દુ–મુસ્લિમનાં આગેવાનોએ હાજરી આપેલ. જેમાં ઈન્ચાર્જ દ્વારા તહેવાર અંતર્ગત શાંતિ તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે, તે બાબતે સહકાર આપવા અપીલ કરેલ. તેમજ આગેવાનો દ્વારા સંપૂર્ણ સહકાર આપવા જણાવેલ.

### રાજયનાં કૃષિ અને સહકાર વિભાગનું પ્રેરણાદાયી કાર્ય

# ભૈ વાહ : અમરેલી જિલ્લાનાં પશુપાલકો માટે વિવિધ સહાયકારી યોજનાઓ શરૂ કરાઈ

## આઈ–ખેડૂત પોર્ટલ ઉપર ૧૫ જુલાઈ સુધીમાં અરજી કરો


પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૧૫

ગુજરાતનાં કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા અમરેલી સહિત સમગ્ર રાજયનાં પશુપાલકો માટે વિવિધ સહાયકરી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. જેમાં આઈ–ખેડૂત પોર્ટલ ઉપર ૧૫ જુલાઈ સુધીમાં અરજી કરી શકાશે.

આ અંગે અમરેલીની અમર ડેરીનાં મેનેજીંગ ડાયરેકટર ડો. આર.એસ. પટેલ ધ્વારા જણાવેલ છે કે, સ્વરોજગારીનાં હેતુથી પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુનાં ડેરીફાર્મની સ્થાપના, ૫૦ દુધાળા પશુનાં ડેરફાર્મ સ્થાપનાની સહાય, શુધ્ધ સંવર્ધન ધ્વારા રાજયની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓનાં પશુપાલકો માટે યોજના, ચાફ કટ્ટર યોજના, ગાભણ પશુ ખાણદાણ યોજના, ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધ ઘર અને ગોડાઉન સહાય કરાશે.

ઉપરોકત યોજનાઓ માટે તા. ૧૫/૭/૨૪ સુધીમાં અરજી કરવાની રહેશે. સમય મર્યાદામાં ઓન લાઈન અરજી કર્યા બાદ કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી આધારોની નકલ આધાર કાર્ડ, બેન્ક પાસબુક, રેશનકાર્ડ, અરજીમાં આપેલ તમામ આધારો સાથે જે સરનામું હોય ત્યાં અરજી આપવાની રહેશે.

# ફાધર્સ ડે નિમિત્તે હૃદયની વાત

અમરેલી,તા.૧૫

મા ઈશ્વર તો બાપ જાપ છે. એના ઉપકારોનુ કયા માપ છે. બાપ એ બાપ એ બાપ છે, મા વિશે લખાયુ કેટલુફ મા ઈશ્વર તો બાપ જાપ છે. ચામડીનાં જોડા પહેરાવે એ હૈયે, હોઠે સંતાનોનો સંતાપ છે. ફોટામાં કે હોય નસેતમ જીવતા સતત વરસતા આશીર્વાદ છે. હાજરીમાં જ એને ભજી લેજો, પ્રભુનું પ્રત્યક્ષ સ્વરૂપ બાપ છે. બાપ થયા પછી જ મૂલ્ય સમજાશે



અમૂલ્ય, અતૂલ્ય, અનંત બાપ છે.

# દામનગર ખાતે પાલિકા દ્વારા સફાઈ પખવાડાની ઉજવણી



દામનગર,તા.૧૫

દામનગર શહેરમાં નગરપાલિકા દ્વારા તા. ૧/૬/૨૪થી તા. ૧૫/૬/૨૪ સુધી સફાઈ પખવાડાની ઉજવણી અંતર્ગત ચીફ ઓફિસર કે.જે.પટેલના માર્ગદર્શન મુજબ પ્રમુખ ગોબરભાઈ નારોલા, ઉપપ્રમુખ બી.એ. દલોલીયાની દેખરેખ અને સુચનના મુજબ સેનેટરી ઈન્સ્પેકટર પી.વી. હુમલ અને મુકાદમ શારદાબેન બી. નાવડીયાની સતત હાજરી અને યોગ્ય રીતે સફાઈ થાય તે માટે જરૂરી સુચના તેમજ તમામ વિસ્તારમાં કચરો ન રહે એવી કાળજી રાખવી સફાઈ કામદારો ભાઈઓ–બહેનોએ પૂરિ નિષ્ઠા અને પ્રમાણિકતાથી સફાઈ કામગીરી કરી. આજે શનિવારે કાર્યક્રમ અંતર્ગત સફાઈ પખવાડાની ઉજવણી કરવામાં આવી હતી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઇનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઇ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

ઓનલાઇન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.

પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઇસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઇ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

## ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ જમીનની ફળદ્રુપતા વધી, ખેતી ખર્ચમાં ઘટાડો થતાં નફાનું પ્રમાણ વધ્યું

# શાપર ગામનાં ખેડૂતે સરકારી સહાય થકી બારાહી ખારેકનાં પ્લાન્ટનું વાવેતર કર્યું

### બાગાયત ખાતાની યોજના અંતર્ગત પ્રગતિશીલ ખેડૂત સંજયભાઈ સુદાણીને રૂા. ૧.૫૫ લાખથી વધુની સહાય પ્રાપ્ત થઈ



અમરેલી, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે આઝાદીના અમૃતમહોત્સવઅંતર્ગતદેશમાંપ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ છે. રાજયમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાનઅપનાવવામાંઆવ્યુંછે, ત્યારે અમરેલીજિલ્લામાંપણપ્રાકૃતિકખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળીરહ્યોછે. જિલ્લાનાઅનેકપ્રગતિશીલ ખેડૂતો હવે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફવળ્યાછે, જેમાંખેડૂતોએબાગાયતી પાકોનુંવાવેતર કરી નવા અભિગમને અપનાવ્યોછે.

અમરેલીજિલ્લાનાબગસરા તાલુકાના શાપર ગામના વતની અને પ્રગતિશીલખેડૂતસંજયભાઈસુદાણીએ ૭વીઘાજમીનમાંબારાહીખારેકના૧૨૫ માદાઅને૫નરપ્લાન્ટસસહિત૧૩૦ પ્લાન્ટસનું વાવેતર કરી ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. રાજય સરકારના બાગાયત વિભાગની વિવિધ સહાયકીય યોજનાઓ અન્વયે ખેડૂત સુદાણીભાઈને ૧૨૫ બારાહી પ્લાન્ટસ માટે પ્લાન્ટ દીઠ રૂા. ૧૨૫૦ એમ રૂા. ૧,૫૬,૨૫૦ની સહાય પ્રાપ્ત થઈ છે.

પ્રગતિશીલ ખેડૂત સંજયભાઈ સુદાણીએ જણાવ્યુ કે, ગૌ આધારિતપ્રાકૃતિકકૃષિથકીજમીનની ફળદ્રુપતા વધી રહી છે, ૭ વીઘા જમીનમાં સરકારની સહાય થકી બારાહી ખારેકના પ્લાન્ટનું વાવેતર શકયબન્યુંહતુ. સંજયભાઈએબારાહી ખારેકના પ્લાન્ટની (રોપાઓ) અતુલ કંપનીવલસાડખાતેથીખરીદીકરીછે. હું પરંપરાગતખેતીકરતોહતોપરંતુ ઉત્પાદનની સરખામણીમાં ખર્ચ વધુ થતો હતો. કચ્છ ખાતે ગૌ આધારિત પ્રાકૃતિકખેતીકરતાકેટલાકખેડૂતોની મુલાકાતપણકરીહતીઅનેમાર્ગદર્શન પ્રાપ્તકર્યુહતુ. સંજયભાઈ પાસેહાલમાં ૩દેશીગાયછે. આદેશીગાયનાછાણ, ગૌમૂત્ર, દેશી ગોળ, બેસન, પાણી સહિતનામિશ્રણથીજીવામૃતતૈયારકરે છે. દર ૩૦ દિવસે આ જીવામૃત બારાહીખારેકનાપ્લાન્ટનેઆપવામાં આવેછે. સંજયભાઈએ કહ્યુ કે, તેમણે વર્ષ–૨૦૧૯માં ગૌ આધારિત પ્રાકૃતિકકૃષિ અપનાવીહતી. ગતવર્ષે આશરે ૭૦મણખારેકનુંઉત્પાદનથયુ હતુ. તેમણે ચાલુ વર્ષમાં અને ચાલુ સીઝનમાં ઉત્પાદન વધવાનો આત્મ વિાસવ્યકતકર્યોહતો. સમયનીમાગ અનુસાર સૌ ખેડૂતો ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવે તે જરૂરી છે. રાજયસરકારનાપ્રાકૃતિકકૃષિ માટેના આગવા અને ઉમદા અભિગમ તેમજ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે સહાય આપવા માટે રાજય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

જિલ્લા નાયબ બાગાયત નિયામક જયરાજસિંહવાળાસાથેવાત કરતાં તેમણે જણાવ્યુ કે, બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ અંતર્ગત જિલ્લાના ખેડૂતો અરજી કરતા હોયછે. જિલ્લામાંછેલ્લા ૮થી૧૦વર્ષથી બાગાયત પાકોનું વાવેતર થાય છે. જિલ્લામાં અંદાજે ૨૦ જેટલા ખેડૂતોને સંકલિત બાગાયત વિકાસ યોજના અંતર્ગતસહાયપ્રાપ્તથઈ છે. ડ્રેગનફ્રૂટ, ખારેક સહિતના બાગાયત પાકો માટે જિલ્લાનીજમીનઅનેઆબોહવાઅનુકૂળ છે. સંકલિત બાગાયત વિકાસ યોજના અન્વયે સહાયની રકમમાં પણ વધારો થયો છે.

ગૌઆધારિતપ્રાકૃતિકકૃષિ પદ્ધતિમાંરાસાયણિકખાતર, દવાઓના ઉપયોગ થતો નથી અને જમીનની ફળ દ્રુપતામાં ઉમેરો થાય છે, ખેતી ખર્ચ ઘટે છે. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીના માધ્યમથીઉત્પાદિતપાકનીબજારમાં માંગપણરહેછેતેથીખેડૂતનીઆવકમાં ઉમેરો થાય છે.

**આલેખન : ધર્મેશ વાળા**
**તસ્વીર : એમ.એમ. ધડુક**

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

Shine versary
આભાર ગુજરાત
HONDA
*સ્કીમ ઓફર ટુંક સમય માટે જ..
95%
Anniversary Offer ₹5000 કેશબેક
5999/-
9.50%
ફ્રી
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
- ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..

ધો. 10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. 10 P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો..
નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી




## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬




**પ્રકરણ-૧૮૯ વર્ષ ૧૯૬૧**

**''હુસ્ને વાલે તેરા ઝવાબ નહીં.. કોઈ તુજસા નહીં હઝારો મે તેરી પ્યારી પ્યારી સુરત કો કિસી કી નઝર ના લાગે ચસ્મે બદદુર દાદી દાદી અમ્મા... માન.. જાઓ..**

**પ્રિય વાચક મિત્રો ,**

બકરી ઈદના તહેવારની તમામ વાચક મિત્રો ને શુભેછાઓ સાથે ૧૯૬૧ના વર્ષમાં રાજેન્દ્રકુમારની સાથે રાજકુમારની પણ સુપર હિટ ફિલ્મોની વાત આજે કરીશું. દાંપત્ય જીવનમાં પતિ અને પત્ની બન્નેનો સહકાર એકબીજાના કુટુંબ પ્રત્યે એક સરખો હોવો જોઈએ. મોટા ભાગે સ્ત્રી લગ્ન કરી સાસરે આવે છે, અને પતિના કુટુંબ ના સભ્યોને પોતાના સમજી ભારતીય નારીની ભૂમિકા ભજવે છે. તેમ પુઢષ માટે પણ સ્ત્રીના કુટુંબના સભ્યો, પ્રત્યે એવી જ લાગણી હોવી જોઈએ. તો જ દાંપત્ય જીવનની નાવ કિનારે પહોચે છે. અને તેમાં જો પુઢષ તેના સાસરે ઘર જમાઈ થઈ રહેતો હોય તો તેની ફરજ વધી જાય છે, જેમ સ્ત્રી પતિના માતા પિતા ને તેના માતા પિતા સમજે છે, તેમ પુઢષે પણ આજ ભાવના રાખવી જોઈએ. તેવી કહાની લઈ આજની ફિલ્મ આવી છે.


સસુરાલ-ટી પ્રકાશ રાવના નિર્દેશનમાં , અને એલ વી પ્રસાદના નિર્માણમાં , ઈન્દર રાજ આનંદની સ્ક્રીન પ્લે , સંવાદ, દ્વારકા દિવેચા ની સિનેમા ઓટો ગ્રાફી , શિવરાજનું એડિટિંગ , અને તામિલ ફિલ્મ ઈલરીકમ પર થી હિન્દીમાં રૂપાંતરિત આ ફિલ્મમાં હસરત જઈ પૂરી અને શૈલેન્દ્રના ગીતો , અને શંકર જયકિશનના મધુર સંગીત સાથે રાજેન્દ્રકુમાર , બી સરોજા દેવી, લલિતા પવાર, શોભા ખોટે, લીલા મિશ્રા, બિપિન ગુપ્તા, ધુમાલ, રણધીર , અનવર હુસેન, મૂલચંદ , જયશ્રી ગડકર , અને મેહમુદ થી અભિનીત આ ફિલ્મ વર્ષની ચોથા નંબરની સફળ ફિલ્મ રહી હતી. ફિલ્મની કહાની એવી છે કે, રાજેન્દ્ર તેના મામા ધુમાલ સાથે રહી અભ્યાસ કરે છે, તેના માતા પિતા બચપણમાં જ વિદાય લઈ ચૂક્યા છે, એક બહેન જયશ્રી યુવાન થતાં એક યુવક સાથે ભાગી ગઈ છે, અને તેની કોઈ માહિતી તેમની પાસે નથી કે તે ક્યાં છે ? રાજેન્દ્રના અભ્યાસનો અને તેના પર થતાં ખર્ચનો હિસાબ તેના મામા રાખેછે, ધુમાલ મામાની પુત્રી શોભા તેના પતિ મેહમુદ સાથે પિયરમાં જ રહે છે, એટ્લે કે મેહમુદ ઘર જમાઈ બની રહે છે, મેહમુદ અને રાજેન્દ્ર ધુમાલ થી વારંવાર અપમાનિત થતાં રહે છે. રાજેન્દ્ર તેની સાથે અભ્યાસ કરતી અમીર પિતા ની એક માત્ર પુત્રી દેવી ને ચાહે છે, અને દેવી ના પિતા રાજેન્દ્રની ઈમાનદારી થી પ્રભાવિત થઈ રાજેન્દ્ર ને ઘર જમાઈ રેહવાની શરતે દેવી અને રાજેન્દ્રના લગ્ન કરી દે છે, દેવીની માતા લલિતા એક કજિયાળી સ્ત્રી છે, અને મુનિમના પુત્ર અનવર સાથે દેવીના લગ્ન કરવા માંગતી હતી પણ સફળ રહી ના હતી.

રાજેન્દ્રની કસોટી ત્યારે થાય છે જયારે એક સંગીત કાર્યક્રમમાં તેની બહેન જયશ્રી નાચતી જોવા મળે છે, જયશ્રી ને અનવર ભગાડી લઈ આવ્યો છે, પણ તે અનવરના ચહેરા સિવાય કશું જાણતી નથી કે તે કોણ છે ? રાજેન્દ્ર તેની બહેનને મળે છે, અને દેવી ને શંકા થાય છે કે, દેવી અને રાજેન્દ્ર વચ્ચે અલગ સંબંધ છે, ત્યાં રાજેન્દ્રના સસરા તેની દૌલત માથી દસ હઝાર તેની બહેન ને રાજેન્દ્રના હાથે મોકલે છે, અને દેવીનો સોના નો હાર મુનિમ એક નોકર દ્વારા ચોરી ધુમાલને ત્યાં ગિરવી મૂકે છે. આ બધા બનાવ થી દેવી રાજેન્દ્રને દોષિત સમજી અનવર ને વેપારમાં વધુ સહકાર આપે છે. રાજેન્દ્ર પઠાણનો વેશ બદલી અનવર જ જયશ્રીનો પતિ છે અને ઘરમાં અને વેપારમાં ચોરી કરી રહ્યો છે તે સાબિતી મેળવી લે છે, દેવી ને જયશ્રી રાજેન્દ્રની બહેન છે, અને અનવર અને મુનિમના કરતૂતનો ખ્યાલ આવે છે, અંતે લડાયક મિજાજ રાખી રાજેન્દ્ર મુનિમ અને અનવરને પકડી સાચું બોલાવે છે, લલિતા રાજેન્દ્રની માફી માંગે છે, અને તેને એક જમાઈ નહીં પણ પુત્ર માને છે. ફિલ્મમાં મેહમુદ ને અલગ ઓળખ મળી છે, તેના અભિનયની પણ પ્રસંસા થયેલ હતી. ફિલ્મના ગીતો લોકપ્રિય ગીતોમાં સામિલ છે. રફી સાહેબના સ્વરમાં તેરી પ્યારી પ્યારી સુરત કો ગીત આજે પણ કોઈ યુવાનને તેની ગમતી યુવતી માટે ગાવા મજબૂર કરે છે. ફિલ્મ ને રફી સાહેબને આ ગીત માટે ફિલ્મ ફેર એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.અદાકાર રાજ કુમારની રાજેન્દ્રકુમાર સાથેની આ વર્ષની સફળ ફિલ્મ જે પણ એક પારિવારિક કથા પર આધારિત છે, તેની વાત કરીયે.ઘરાના -એસ એસ વાસનના નિર્દેશન અને નિર્માણમાં, શકીલ બદયુનીના ગીતો, અને રવિના યાદગાર સંગીત સાથે , રાજકુમાર, રાજેન્દ્ર કુમાર, આશા પારેખ , દેવિકા, કૃષ્ણા કુમારી, કન્હૈયા લાલ, બિપિન ગુપ્તા , લલિતા પવાર , શોભા ખોટે , આગા , મીનું મુમતાઝ, થી અભિનીત આ ફિલ્મ રફી સાહેબના સ્વરના અને આશાજીના સ્વરમાં ગવાયેલ ગીતો સાથે યાદ કરાય છે, અને આ ફિલ્મ આ વર્ષની સુપર હિટ ફિલ્મ રહી હતી. ફિલ્મ એક પારિવારિક કથા પર આધારિત છે અને તામિલ ફિલ્મની રિમેક છે, જે ઘરમાં સાસુ જગડાખોર હોય અને તે પરિવારની પુત્રી તેના પતિ સાથે પિયરમાં રેહતી હોય અને તેના સ્વાર્થ માટે ઘર ની શાંતિને ડહોળતી હોય ત્યાં કેવું વાતાવરણ ઘર નું થાય છે તે અહી દર્શાવ્યું છે, આવી કથા પર થી આ ફિલ્મ પછી ઘણી ફિલ્મો બની છે, પણ આ ફિલ્મ એ પારિવારિક કથાનો પ્રારંભ છે.રાજ અને રાજેન્દ્ર ભાઈઓ છે, પિતા બિપિન એ નિવૃતિ લઈ લીધી છે, અને લાખોનો વેપાર રાજ સંભાળે છે, રાજ ના લગ્ન દેવી જેવી યુવતી દેવી સાથે થયા છે . દેવિકા એ દક્ષિણ ની પ્રખ્યાત અભિનેત્રી છે, જેની આ પ્રથમ ફિલ્મ છે, ત્યારબાદ તેમણે પાંચ હિન્દી ફિલ્મોમાં કામ કર્યું છે. જેની વાત આગળ કરીશું. આ પરિવારમાં લલિતા એ ઘરનું જગડાખોર માતા છે, જે પુત્રવધૂ ને રાહત આપતી નથી, દહેજ એ તેનો ધ્યેય છે. તેની પુત્રી શોભા તેના પતિ આગા સાથે ત્યાં જ રહે છે. રાજેન્દ્ર આશા ને ચાહે છે , તેના લગ્ન તેની સાથે જ નક્કી થાય છે, પણ બન્ને ને ખબર નથી. તે સમયે યુવા પુત્ર કે પુત્રી ને માત્ર લગ્ન કરવા જ કહવાતું હતું , તે પણ માતા પિતા જયાં નક્કી કરે ત્યાં જ થતાં હતા . રાજેન્દ્ર મદદ માટે તેની ભાભી જેને તે માતા સમજે છે તેનો સહારો લે છે .પણ અંતે તેમને ખબર પડે છે કે તેમના બન્ને ના ઘરના લોકો જ તેમના લગ્ન કરાવી રહ્યા છે, અને રાજેન્દ્ર અને આશાના લગ્ન થાય છે, પણ ઘર ની શાંતિ શોભા થી સહન થતી નથી, ઉપરાંત રાજ દેવી માટે કિમતી હાર લઈ આવ્યો છે, તે શોભા ચોરી લે છે, અને રાજ ને રાજેન્દ્ર અને દેવી વચ્ચે અનૈતિક સંબંધ છે તેવી ખોટી વાત કહી દે છે. રાજ તેના પૂત્ર ને પણ અનૈતિક સંબંધ થી જન્મ થયેલ માને છે, અને તે ઘર છોડી તેની સ્ત્રી મિત્ર મીનું પાસે જતો રહે છે. ઘરના સભ્યો અને ખાસ રાજેન્દ્ર જયારે રાજ ને સમજાવવા જાય છે ત્યારે તે રાજેન્દ્ર ને દેવી સાથેના અનૈતિક સંબંધોનો આરોપ લગાવે છે. ત્યારે ઘરની શાંતિ પરત લાવવા પિતા બિપિન, જમાઈ આગા અને મીનું જે રાજ ને ભાઈ સમજે છે, આગળ આવી શોભાના કરતૂત સામે લાવે છે, અને અંતે ઘરમાં ફરી સુખ છવાઈ જાય છે.ફિલ્મમાં રાજકુમાર, રાજેન્દ્રકુમાર અને લલિતા પવારના લાજવાબ અભિનય થી દર્શકો મંત્ર મુગ્ધ થઈ જાય છે. રાજેન્દ્રકુમારની ફિલ્મો પરિવાર સાથે જોઈ શકાય તેવી હોવાથી સફળ રેહતી હતી. આ ફિલ્મના ગીતો સફળ રહ્યા હતા, ખાસ રફી સાહેબના સ્વરમાં હુસ્ન વાલે તેરા જવાબ નહીં આજે પણ લોકપ્રિય ગીતોની યાદીમાં છે.અમર રહે યે પ્યાર -રાજેન્દ્રકુમારની આ ફિલ્મ પ્રભુ દયાલના નિર્દેશન અને રાધા કિસનના નિર્માણમાં, પ્રદીપના ગીતો અને સી રામચંદ્રના મધુર સંગીત સાથે, રાજેન્દ્રકુમાર, નંદા , નલિની જયવંત, રાધા કિસન, હની ઈરાની, તિવારી, ચંદનકુમાર, અને એસ નાઝીર થી અભિનીત આ ફિલ્મ એક માતા અને સંતાન ના પ્રેમ પર આધારિત હતી, જેમાં નલિની તેના પતિ સાથે સુખી જીવન જીવી રહી છે, અને તે ગર્ભવતી છે, પણ એક અકસ્માતમાં તેના પતિ અને નવજાત બાળકનું નિધન થાય છે, તેનો ભાઈ એક બાળક ને તેની પાસે તેના પુત્ર રૂપે આપે છે, જે બાળક પાકિસ્તાન રહતા વકીલ રાજેન્દ્ર અને નંદા નું છે, બન્ને ભારત બાળક પરત લેવા આવે છે, પણ નલિનીના માતૃત્વ આગળ જુકી જાય છે, અને તેનું બાળક નલિનીને જ સુપ્રત કરી, પાકિસ્તાન જતાં રહે છે, આ ફિલ્મ સફળ રહી ના હતી.આગામી અંક માં દેવ આનંદ ની સુપર હિટ ફિલ્મો સાથે મળીશું

**.આભાર**

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ


## પંચવટી વસાહત ...એક વિજ્ઞાન



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

દર વર્ષે જૂન મહીનો શરૂ થાય એટ્લે લોકોના મનમાં રોપા લઈ આવવાનું મન થાય છે અને આપણને પણ વરસાદ ની શરૂઆતમાં મનની સાથે પ્રકૃતીની માવજત કરવાનું મન થાય છે. આપણા દેશમાં દરેક તહેવાર અને ધાર્મીક પ્રસંગોમાં કોઇ વિશેષ વનસ્પતીનું મહત્વ રહેલુ છે. શ્રાવણમાસમાં શીવજી ઉપર બીલી ચડાવવા, ભાદરવી અમાસે પીપળે પાણી રેડવું, ગણેશ ચતુર્થીમાં ધરો ચડાવવો, શુભ પ્રસંગે ઘરે આસોપાલવનું તોરણ બાંધવુ..આ બધુ ફક્ત ધાર્મીક રીવાજો છે કે તેનું કોઇ વૈજ્ઞાનિક મહત્વ છે ? આપણે જાણીએ છીએ કે ભગવાન રામને જયારે વનવાસ થયો ત્યારે સીતામાતા અને લક્ષ્મણ સાથે પંચવટીમાં વસવાટ કર્યો હતો, ભગવાને જયા વસવાટ કર્યો એ જગ્યા વિશીષ્ટ તો હોય જ, તો આવો જાણીએ પંચવટી એટલે શું ? સિદ્ધિઓ અને બ્રહ્માંડની પ્રચંડ શક્તિઉર્જા પ્રાપ્ત કરવા માટે ૠષીમુનીઓએ પંચવટી વસાહતનું દિવ્ય વિજ્ઞાન આપ્યુ છે. પંચવટી એટલે પાંચ વૃક્ષોનો સમુહ, પંચવટીમાં વડ,બિલ્લી અને પીપળાને ચોક્કસ દિશામાં સ્થાપી અને હવાના પ્રવાહના માધ્યમથી ત્રણેય વૃક્ષોની ઉર્જાશક્તિનુ મિલન થાય છે અને એક દિવ્ય પુંજ રચાય છે. પીપળો સ્વંયનારાયણનું વૃક્ષ છે. વડ બ્રહ્માનું વૃક્ષ અને બિલી શીવનું વૃક્ષ હોવાનું મનાય છે. ત્રણેયનું એક સ્વઢપ ત્રિપુરસુંદરી, ચોક્કસ



મુર્હત પર સુર્યઉર્જા અને ભુમિઉર્જાના સંયુક્ત સંયોજનની સાથે પંચાયતન દેવની એક રૂપ દિવ્ય ઉર્જામાં કરેલો કોઇપણ મંત્ર પાઠ, અનુષ્ઠાન,યજ્ઞ, પુજાપાઠ, વિધિ-વિધાન તરત જ ફળદાયી નિવડે છે. એટલે આપણા મહાન ૠષિમુનીઓ પંચવટીનું નિર્માણ કરી પુજા કરતા હતા. પ્રકૃતિની ઉપાસનામાં જ જીવનના દરેક સમસ્યાનો ઉકેલ સમાયેલો છે. હિંદુ સનાતન ધર્મ મુખ્યત્વે પ્રકૃતિ અને તેના તત્વ દેવતા ક્રમશઃ મહાગણપતી, શક્તિ, નારાયણ, સુર્ય અને શિવ આ પંચાયતન પંચદેવોની પુજા જ આર્ય સંસ્કૃતિ છે. સામાન્ય રીતે લોકો એવું માને છે કે કોઇપણ પાંચ ઘટાદાર વૃક્ષો એટલે પંચવટી, પરંતુ વાસ્તવમાં ચોક્કસ માપ, નિશ્ચિત દિશા પર વૃક્ષારોપણ કરવાથી તેમજ હવાઓની દિશામાંથી આ વૃક્ષની મધ્યમાં આવનાર હવાના મિશ્રણથી જેનાથી અલૈકીક દિવ્ય વાતાવરણ પ્રસ્થાપિત કરવાનું વિજ્ઞાન એટલે પંચવટી. વડ, પીપળો, બિલી, આમળા અને અશોક આ પાંચ વૃક્ષોના સમુહને પંચવટી કહે છે. તેની સ્થાપના પાંચ દિશાઓમાં કરવી જોઇએ. પીપળો પુર્વ દિશામાં, આમળા દક્ષીણ દિશામાં, વડ પશ્ચિમ દિશામાં, બિલી ઉતરદિશામાં તપસ્યા માટે સ્થાપના કરવી જોઇએ. વૃક્ષ વાવ્યાના પાંચ વર્ષ પછી મધ્યસ્થાન પર હાથથી સુંદર વેદીની સ્થાપના કરવી જોઇએ. આ વેદી અનન્ય ફળ પ્રદાન કરે છે. જો વૃક્ષ વાવવા માટે અધિક જગ્યા પર્યાપ્ત હોય તો બૃહદ પંચવટીની સ્થાપના કરી શકાય. સર્વ પ્રથમ કેન્દ્રની ચારેબાજુ પાંચ મીટર ત્રિજીયા, દસ મીટર ત્રિજીયા, વીસ મીટર ત્રિજીયા ,પચીસ મીટર ત્રિજીયા અને ત્રિસ મીટર ત્રિજીયા એવો પાંચ વ્રુત(વર્તુળ ) બનાવો. અંદરની પ્રથમ પાંચ મીટર ત્રિજીયા ના વર્તુળ ની અંદર ચારેય દિશાઓ ઉતર,દક્ષીણ,પુર્વ,પશ્ચિમ માં બીલીનું વૃક્ષ




વાવવું. ત્યારબાદ દશ મીટર ત્રિજીયાના દ્વિતીય વર્તુળ પર ચારેય ખુણામાં વાયવ્ય, અગ્નિ, ઈશાન અને નૈઋત્ય પર ચાર વડ્ના ઝાડની રોપણી કરવી. વીસ મીટર ત્રિજીયા દ્વિતીય વર્તુળ ના પરિઘ પર સમાન અંતરે (લગભગ પાંચ મીટર) ૨૫ અશોક વૃક્ષની રોપણી કરવી. ચોથો વર્તુળ જેની ત્રિજીયા પચીસ મીટર છે તેના પરિઘ પર દક્ષિણ દિશામાં બન્ને બાજુ આમળાના બે વૃક્ષનું રોપણ કરવું. આમળાના બન્ને વૃક્ષની પરસ્પર અંતર દશ મીટર રાખવું. પાંચમા અને છેલ્લા ત્રીસ મીટરના વર્તુળના પરિઘની ચારેય દિશામાં પીપળાના ચાર વૃક્ષનું રોપણ કરવું. આ પ્રકારે કુલ ૩૯ વૃક્ષની રોપણી થશે.જેમાં ૪ વૃક્ષ બિલી, ૨૫ વૃક્ષ અશોક ના , ૨ વૃક્ષ આમળા અને ૪ વૃક્ષ પીપળાના થશે. આ પાંચ વૃક્ષમાં અદ્વિતીય ઔષધીય ગુણો રહેલા છે. આમળામાં પ્રચુર માત્રામાં વિટામીન સી હોય છે , જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે. વડનું દુધ બળપ્રદ છે. તેના પ્રતિદિન ઉપયોગ થી કાયાકલ્પ થઇ શકે છે. પીપળાનું વૃક્ષ લોહીના વિકારો દુર કરવામાં , દુખાવામાં અને સોજો મટાડનાર છે . બીલી પેટના રોગોમાં અક્સીર છે. અશોક વૃક્ષ સ્ત્રી સબંધીત રોગોમાં લાભદાયી છે.

આ વૃક્ષ સમુહમાં ફળ પાકવાનો સમય અલગ-અલગ હોવાથી આખા વર્ષ દરમ્યાન કોઇને કોઇ વૃક્ષ પર ફળ આવતા જ રહે છે. જેથી પક્ષીઓને બારેમાસ ખોરાક મળી રહે છે. તેમજ સ્વાસ્થ્ય સબંધી .સમસ્યામાં ઉપયોગ સરળતાથી કરી શકાય છે. જેમકે ગરમીની ૠતુમાં પાચન સબંધી સમસ્યા વધુ હોય છે જેથી ત્યારે બીલી ઉપયોગી નીવડે છે. વર્ષાૠતુ માં ચામડીના રોગ વધુ જોવા મળે છે તે દરમ્યાન અશોક ના ફળ ઉપયોગી થાય છે. શીયાળાની ૠતુ માં ઠંડી હોવાથી વિટામીન સી યુક્ત આમળાનું ફળ ઉપયોગી થાય છે

પર્યાવરણ ની રીતે મહત્વ : વડનું ઝાડ વિશાળ હોવાથી ઘાટો છાયો પુરો પાડે છે. ગરમીના દિવસોમાં જયારે મધ્યાહનનો તડકો સીધો સુર્યપ્રકાશ ફેકે છે ત્યારે આ પંચવટીક્ષેત્રના પશ્ચિમ દિશામાં રહેલું વડનું વિશાળ વૃક્ષ વાતાવરણ ને ઠંડુ રાખે છે. પીપળો પ્રદુષણ શોષીને પ્રાણવાયુ ઉત્પન્ન કરે છે. અશોક સદાબહાર વૃક્ષ છે. જેથી તેના પાન બારેમાસ લીલાછમ રહે છે અને છાંયો મળી રહે છે. બીલીના પાન તેનું લાકડું ફળ અને તૈલી ગ્રંથીઓ હોય છે જે વાતાવરણને સુગંધીત કરે છે. આથમણી અને ઉગમણી દિશાઓમાંથી આવતી હવાની તેજ લહેરખીઓ તેમજ વંટોળ વખતે પુર્વ અને પશ્ચિમ દિશામાં રહેલો પીપળો અને વડ વાતાવરણ ની ધુળ શોષી લે છે અને પર્યાવરણ શુધ્ધ કરે છે.

ધાર્મીક મહત્વઃ બીલી વૃક્ષમાં ભગવાન શંકરનું નિવાસ સ્થાન માનવામાં આવે છે. પીપળાના વૃક્ષમાં ભગવાન વિષ્ણુ અને વડના વૃક્ષમાં બ્રહ્માનો નિવાસ હોવાનું મનાય છે. આ રીતે ત્રિદેવ બ્રહ્મા,વિષ્ણુ,મહેશનો પંચવટીમા નિવાસ હોય છે જેથી એક જ સ્થળ પર ત્રિદેવોની પુજાનો લાભ મળે છે. જૈવ-વિવિધતા સંરક્ષણઃ પંચવટી માં આખા વર્ષ દરમ્યાન ફળ ઉપલબ્ધ હોવાથી જીવજંતુને ભોજન મળતં, રહેતું હોવાથી તેનો સ્થાયી નિવાસ થઈ જાય છે. પીપળો અને વડના ઝાડ ના થડ, લાકડા કોમળ હોવાથી પક્ષીઓ આસાનીથી માળા બનાવી શકે છે. ખાસકરીને વિશ્વની મહાસતા બનવાની દોડમાં કહેવાતા વિકાસશીલ દેશોએ પ્રકૃતિ ની ઘોર ખોદી નાખીછે, જયારે કોઈપણ વ્યકિ,સમાજ કે દેશ પ્રજ્ઞાપરાધ થી સારા-નરસા નો ભેદ ભૂલી જાય છે અને પ્રકૃતિ વિઢદ્ધ નું વર્તન કરે છે જેમ કે ન ખાવાનું (સાપ ,ચામાચિડિયા, ઉંદર,ગર્ભ ભ્રુણ) ખાય છે, પોતાના સ્વાર્થ ને લીધે બીજાનું અસ્તિત્વ સમાપ્ત કરતા પણ અચકાય નહિ અને જૈવીક (બાયોલોજીકલ), રાસાયણિક (કેમીકલ) હથિયારો બનાવી પંચમહાભૂત (આકાશ,વાયુ, જળ, પૃથ્વી અને અગ્ની) ને દુષિત કરી પૃથ્વી નું સંતુલન બગાડી નાખે છે અને જેના પરિણામે આવા કોરોના જેવા વાયરસ તેનો ફેલાવો કરે છે. આજે પણ આવા એકપણ વાયરસ નું ઉત્પત્તિસ્થાન ભારત રહ્યું નથી કારણ આપણે વસુધૈવકુટુમ્બકમ(આખી પૃથ્વી માઢ કુટુંબ છે)ની સંસ્કૃતિમાં માનીએ છીએ..અરે માણસ જ નહિ જીવ માત્રમાં દયાભાવ અને તેનું અસ્તિત્વ ટકી રહે તેવા પ્રયત્ન કરીએ છીએ, તુલસીક્યારે આપણે સવાર-સાંજ ઘી નો દીવો એટલે જ કરીએ છીએ કે વાતાવરણ માં એવા કેટલાય સુક્ષ્મ્ જીવો હોય છે જે વાતાવરણ ને શુદ્ધ બનાવતા હોય છે અને કોરોના જેવા વાયરસ સામે રક્ષણ આપતા હોય છે આ સુક્ષ્મ્ જીવોનાં અસ્તિત્વ માટે ઘી ના દીવામાંથી નીકળતી ધુમ્રસર આ જીવ નું પોષણ કરે છે.. કીડી જેવા જીવ નું પણ મહત્વ સમજી કિડીયારૂ પૂરનારો આ દેશ કોઇપણ વિકટ પરિસ્થિતિમાં મુંજાય નહિ.

# પપ્પા નામે સાંતાક્લોસ



## વિસામો

વૃંદા ચિંતન મહેતા

રાજુલા

મો.૯૪૨૮૯ ૯૨૯૪૯

આપણા સાહિત્યમાં માઁ વિશે ઘણું ખેડાણ થયું છે.''મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ,એથી મીઠી મોરી માત રે લોલ ''કહીને સાહિત્યકારોએ માઁનાં ગુણગાન મીઠાં મધુર સ્વરમાં અભિવ્યક્તિ કર્યા છે. પરંતુ આપણા સાહિત્યમાં પિતા વિશે બહુ જૂજ રચનાઓ જ મળે છે. સાહિત્યકારોએ પિતા સાથે અન્યાય કર્યો છે. આપણા સાહિત્યમાં પિતા ઉપર આંગણીનાં વેઢે ગણી શકાય તેટલી રચનાઓ ઉપલબ્ધ છે. આધુનિક સાહિત્યકારો પાસેથી પિતા વિશે ખૂબ સુંદર રચનાઓ ઉપલબ્ધ થાય છે, પરંતુ તેની માત્રા ઘણી ઓછી છે. આપણી સંસ્કૃતિ કે આપણા સંબંધો કોઈ ખાસ દિવસનાં મોહતાજ નથી.. કારણે કે આપણા માટે ફાધર'ડે કે મધર'ડે જેવાં ૩૬૫ દિવસમાંથી કોઈ એક દિવસનો વિષય જ નથી.એ તો આપણું હોવાપણું છે. ' માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ' નો જય ઘોષ કરનારી પ્રજા એટલે ભારતીય પ્રજા. આમ પણ આપણી ભારતીય સંસ્કૃતિમાં માતા પિતા માટે કોઈ એક દિવસનાં હોય સાહેબ.. માં-બાપ માટે તો આખુય આયખું હોય છે. જાણીતા લોક કલાકાર સાંઈરામ દવે સાહેબે પિતા પર ખૂબ સુંદર શેર લખ્યો છે.'' બડે હી ઠંડ કમરોસે હુકુમત મેં ચલતા હું,મેરે પીછે એક બુઢે બાપને પસીના બહાયા હે..!''આપણા લોક સાહિત્યમાં પણ કહેવામાં આવ્યું છે કે,:- ''માઁ દીકરાને ખોળો આપે છે, અને બાપ દીકરાને ખભો આપે છે.'પાપા એટલે ત્યાગ, સમર્પણ, પ્રેરણા, ગુરુ, શિક્ષક, માર્ગદર્શક, પ્રેરક અને એ બધું જ જે શબ્દમાં વર્ણવું શક્ય જ નથી. માતા બાળકને જન્મ આપે છે અને પિતા બાળકને આગળ વધવાની પ્રેરણા આપે છે. માઁ બાળકને સંસારનાં તાપમાંથી બચાવવા પોતાનો પાલવ આપે છે, જયારે પિતા બાળકને આં સંસારરૂપી તાપને સહન કરવા મીઠો વિંજણો આપે છે. માતાની મમતા વિશે આપણા સાહિત્યમાં ખૂબ લખાયું છે અને કહેવાયું પણ છે.પરંતુ પિતા પ્રેમનાં ખૂબ ઓછા ગુણગાન ગવાયા છે. પિતાનાં વ્યક્તિત્વને હંમેશા કડકાઈથી જ જોવામાં આવ્યુંછે. પિતાની છાપ હંમેશા કઠોર તરીકે ચિતરાઈ છે. પરંતુ નારિયેળ ની જેમ બહારથી કડક અને અંદરથી નરમ એવા પિતાને સમજવા ખૂબ અઘરા હોય છે. પપ્પા તેની હયાતીમાં સમજતા જ નથી. પપ્પા એટલે સીઝનનું પહેલું ફ્રૂટ લાવે છતાંય કોઈનાં અભિનંદનની અપેક્ષાનાં રાખે. એ.. પિતા જ હોય જે પોતે ચંપલ સંધાવી નાંખે, પરંતુ પોતાના સંતાન માટે ૨૦૦૦નાં બુટ લઈ આવે. એ પિતા જ હોય છે. જે પોતે સાઈકલ રીપેર કરાવીને, ઓવર ટાઈમ કરીને, લોન લઈને પણ પોતાના દીકરા માટે નવી બાઈક લઈ આવે..actully હું મને એવું લાગે છે કે, આપણા પપ્પાએ જ આપણા સાચા સંતાકલોસ હોય છે, આ પપ્પા નામે જે સાન્તાકલોસ હોય છે ને તે પોતાના બાળકો માટે ખુશીયોનો ખજાનો લઈને આવતા હોય છે.એટલે જ હજી સુધીમાં જો પપ્પાને i love you નાં કીધું હોયને તો આં father's day પર જરૂર કહી દેજો.. કે પપ્પા હું તમને ખૂબ પ્રેમ કઢું છું.. i love yo પપ્પા.. મિત્રો તમારે તમારા પપ્પા સાથે મતભેદ તો હોય શકે, કારણકે બે સેમ જેન્ડરનાં લોકો વચ્ચે મતભેદએ સ્વાભાવિક છે. પરંતુ મનભેદનાં હોવા જોઈએ. મિત્રો, આપણા પપ્પા સાથે આપણા "different of opinion પરંતુ different of mind તો નાં હોવા જોઈએ. શક્ય છે લે તે લોકો આપણા કરતા અલગ વિચારતા હોય.નજીકનાં સ્થળ સુધી જવા માટે રીક્ષા કરવાના બદલે ચાલી નાખતા હોય પરંતુ આપણે જે તે જગ્યા એ જવા માટે પોતાનો સમય બચાવવા માટે રીક્ષા કરી લેતા હોઈએ. એવું તો થવાનું કારણે તેમના મહેનત કરીને પૈસા રળ્યા છે, તે આટલી આસાનીથી તેનેનાં ખર્ચી શકતા હોય... તો જતું કરી દેવાંનું..! મિત્રો ૭૦વર્ષનાં પપ્પા જો મોબાઈલ શીખતાં હોય અને તેઓ આપને વારેવારે કંઈ પૂછતાં હોય તો અકળાવવાનું નહીં... કારણે જયારે આપણને સાઈકલ નોહતી આવડતી, ત્યારે તેઓ પણ આપણને શીખવવામાં અકળાયા નોહતા.દોસ્તો.. એવા ઘણા દીકરા -દીકરીઓ છે જે વર્ષોથી પોતાના પપ્પા સાથે નહીં બોલતા હોય. વાત પણ નહીં કરતા હોય પરંતુ મિત્રો.. Let go... કરી દેવાની ભાવના રાખો. આપણા ઘરમાં ૬૦ કે ૭૦વર્ષ જૂનો પંખો હોય તો તેને જો જો આટલા વર્ષથી અવિરત કામ આપનાર મશીનનાં સ્પેરપાર્ટ લુસ થવાના, કનેક્સન ઢીલા થવાનાં -તો mata-પિતાતો જીવતા જાગતા માણસ છે તેના વિચારો -તેમની રહેવાની તમારાથી અલગ જ રહેવાની તે સ્વાભાવિક છે. એટલે કહું છું.. મિત્રો.. પપ્પાને સમજવા ખૂબ અઘરા છે. પપ્પાનાં ચશ્માંમાંથી સંસારનાં ખાડા -ખાડીયા વધુ સ્પષ્ટ દેખાતા હોય છે. પપ્પા તેની હયાતી સમજતા જ નથી. પપ્પાને રાખ થાય ત્યારે સમજાય છે. પપ્પાને તેની પ્રાર્થના સભાંએ સમજાય છે. એટલે મિત્રો..

આં father's day પર તમારા પપ્પાને ગળે મળીને કહી દો.. i love you pappa.... i need you pappa.

# ''ઉતમ ખેતીનું બિરૂદ ખેતીનો વિકાસ કરશે''

બદલાતા હવામાનના ફેરફારોને લઈ ખેતી કરવી અઘરી થઈ ગઈ છે. ખેડૂતોના પુત્રો ખેતીથી જોજનો દુર થતાં જાય છે. શહેરી ઘેલછા હવે યુવાવર્ગમાં જોવા મળે છે. બાયક ને બાય બોય ફોરવ્હીલ ઘરે ઘરે થઈ ગયા છે પેટ્રોલીયમ પેદાશનાં ભાવ ભલે વધે ગાડી પાર્કના ભલે ઠેકાણા ના હોય પણ વિકાસનો બનાવટી મુંગટ શિરે પહેરી લીધો છે. વાત ખેતી-ખેડુત યુવાનની કરવામાં આવે તો આજે મોટાભાગનાં યુવાનો નાની-મોટી નોકરીમાં જોડાયા છે. પોતાનો પ્રાઈવેટ ધંધો - દુકાન કે અન્ય નાની હાટડી ખોલી રોજગારી મેળવવાનું પસંદ કરે છે.

હવામાન બદલાયું છે. ગરમી એવી પડે કે ધરતી તપીને તેવા જેવી થઈ જાય વરસાદ પડે તો જમીનનું ધોવાણ થઈ જાય અને કા તો બિલકુલ પડે જ નરી અથવા સમયસર ન પડે વાવાઝોડા થી કેટકેટલું નુકસાન ખેતી પાકોને થાય છે રોગ-જીવોનું જમીનમાં રહેલ કુદરતી કાર્બનનું ઘટતું પ્રમાણ પશુપાલનનું ઘટી રહ્યું છે. રાસાયણિકનો અતિરેક જમીન-પાણી બગડી રહ્યા છે. જમીન (ખેતી) ટુંકડા ખેતીની જમીન બે છેડા ભેગા માંડ થાય તેવી સ્થિતી છે. મોઘવારીએ માજા મુકી છે. પેટ્રોલ-ડિઝલ-ઓઈલનાં વધતા ભાવ બળદ રહ્યા નથી. અનિયમિત વરસાદને લઈ લાખો-કરોડોના બિયારણ ફેઈલ જાય છે. મજુરી ખર્ચ માથે પડે છે. ખેતીના ૭/૧૨ના ઉતારામાં બીજા વધતા જાય છે. દેવાદાર ખેડુત આજે મોટા મોટા વચનોથી ટેવાય ગયો છે. ખેતી ઉતમ ખેતીપ્રધાન દેશ દેશનાં મોટાભાગનો વર્ગ ખેતી સાથે જોડાયેલ હોય છે. પણ તેનાં માટે નકકર કોઈ પગલાં લેવાતા નથી. પાક ઘરે આવે ત્યારે ભાવની માથાકુટ રસાયણોના વધતા ભાવ ખેત મજુરો મળવા મુશ્કેલ આવી સેંકડો સમસ્યા ખેડુતો ભોગવી રહ્યાં છે. એક બાજુ કુદરતનો સાથ નથી.

એક બાજુ હોનારત જેવી સમસ્યા સામે ખેડુતો આજે થાકી ગયા છે. આગળીને વેઢે ગણાય તેટલા ખેડુતો પાસે મોટી ખેતીની જમીન છે. ૪૦-૪૫ વરસ જુના ધંધામાં સેટ થઈ ગયા છે. તેઓને સારૂં છે. આજે ખેડુત માટે જો સારૂં હોય તો ગટરના પાનિયા પર ઓછા અથવા નહિવત વ્યાજે રૂપિયા મળે છે તે છે અને સરકાર દ્વારા રોજના ૧૬ રૂપિયા ખેડુતોને આપે છે. એટલે કે વર્ષે ૬૦૦૦ રૂપિયા બસ કરો મજા જયારે પુત્ર-પુત્રીનાં લગ્ન કરવાં હોય ત્યારે કેટલા વિઘા ખેતી છે તે માટે ખેતી કામ આવે છે. પ્રાકૃતિક ખેતીની વાતો ખૂબ થાય છે. સારી વાત છે. ઘરે બાકી બેકરી નથી અને પ્રાકૃતિક ખેતીની ! પ્રાકૃતિક ખેતીને ખેત પેદાશ વેચાય છે. મેળાવડા થાય છે. સાઈડમાં ધંધા વાળા ખેડુતો મર્કિટીંગ સ્કીલ ધરાવતા આજે રૂપિયા કમાઈ છે. ઝુકતી દુનિયા ઝુકાને વાલા ચાહીએ. હાલની સ્થિતીની વાત કરવામાં આવે તો કપાસીયાનું બિયારણ ઉગ્યું જ નથી. વરસાદ ખેંચાર્પી છે. સ્થિતી સારી નથી. ' વિકાસ'ને કોઈ 'અવકાશ' નથી ! જેણે ખેતરનો શેઢો જોયો નથી. તેવો ખેડુત ખાતેદાર મોટી જમીનવાળા મોટા ધીરાણ લઈ ધંધામાં સેટ થયા છે. તેવા માટે ખેતીની જમીન સોનાનો સરૂ સાબિત થઈ છે. મજુરોની તંગીને કારણે આજે ખેડુતો નિદામણ દુર કરવા નિદામણ નાશકોનો ભરપુર ઉપયોગ કરે છે. તે ખેતીની જમીન માટે ખૂબ નુકશાન કર્તા છે. જમીન બગડી રહી છે. પશુપાલન વિના દેશી ખાતરો મળતા નથી. રાસાયણિક ખાતરોના ઉપયોગથી જમીનની ભેજ શકિત ખતમ થઈ ગઈ છે. થોડા વરસો પહેલા સવારનાં સમયે જમીન વળતી (ભેજ રહેતો) તે આજે નથી. વરસાદી પાણી જમીન સંઘરતી નથી 'કુદરતી કાર્બન' હોય તો ભેજ રહે પણ આજે જમીન બરડ થઈ ગઈ છે. મોટા મોટા ઢેફા નીકળે છે. કદાચ આવનાર સમયમાં આ જમીન બિનઉપજાવ થઈ જશે. ખેતી માટે પાણી મુખ્ય છે. તળ, ઉડી જતાં રહ્યાં છે. મોઘા મૂંલા સાધનો દ્વારા પાણી ખેચી તો શકાય છે. પણ તે પાણી મીઠા મધુર નથી. કડવા, મોળા, સ્વાદ વિહીન છે. આમા પાક કેવી રીતે વિકાસ કરે પામે. ૪-૫ બોર કરાવવા છતાં પાણી થતાં નથી. કદાચ થાય તો ૭૦૦-૧૦૦૦ ફુટના પાણી બહાર કાઢવા મોટા પંપ સેટ પાવર વધુ જરૂર પડે છે. એટલે ખેતી મોંઘી થતી જાય છે. શુધ્ધ ખાનારો વર્ગ વધ્યાં છે. પણ ખૂદ પકવનારો ભૂખે મરે છે. કૃષિપ્રધાન દેશમાં ખૂબ ખેડુત કંગાળ છે. કાગળમાં મોટા-મોટા ફટાકીયા ફોડાય છે. ઘરાતલ પર સ્થિતી જુદી છે. આવક બમણીમાં બિહામણા સ્વપ્ન જોવાને બદલે આંખ ખોલીએ ત્યારે 'મોતિયા' જેવી સ્થિતી છે. આજે ખેડુતો પાસે પૈસાની જરૂર હોવાથી માલ વેચવો પડે છે. એટલે મોટા ભાગે યોગ્ય ભાવ મળતા નથી. સંગ્રહ ખોરી કરનાર કમાઈ છે. 'જગતતાત' આજે પોતાના છોકરાનો માત્ર ' તાત' (પિતા) બની રહ્યો છે. મોટા ' બિરૂદ' આપી દેવાથી કોઈનું કલ્યાણ થવાનું નથી. વાસ્તવિકતા આપણી સૌની સામે જ છે, બોલો 'જય જવાન' 'જય કિસાન'

**હરેશ બોરસાણિયા-મતિરાળ**

તેમને કહેલુ, ''જો ચાહિયે માંગો'' પ્રથમ તો બાબુભાઈએ કહ્યુ, ''કંઈ જ નથી જોઈતુ પરંતુ એક બહેને કહ્યુ, ''એમને ત્યાં સંતાન નથી.''- ત્યારે ભગવાને કહ્યુ, ''ઈસીલિયે તો કહતા હુ', એક નારિયેલ લાવ. લડકા દેના તો હમારે લિયે બાંયે હાથકા ખેલ હૈ.'' ભગવાનની પ્રસાદી રૂપે આજે તેમને ત્યાં પુત્ર છે તેનુ નામ આશીષ છે.

એક દિવસની પ્રાર્થના પૂરી થતા કોઈ અજાણી વ્યકિતએ કોઈ પ્રશ્ન પૂછી કહ્યુ, ''બાબજી, આપ તો મહાન જ્ઞાની હૈ.'' ત્યારે પ્રત્યુતરમાં ભગવાને કહ્યુ, ''અરે બાબા, મૈં કુછ પઢા લિખા હુ નહિ'. મૈં કુછ જાનતા નહિ હુ. સિર્ફ દો કિતાબ પઢા હું.'' મેં મારા ભાવ પ્રમાણે ચિઠી લખી ભગવાન આપ દો કિતાબ ભી કયો પઢે! વહ ભી જરૂર નહી થી કયોંકિ,

જા કિ સહજ શ્વાસ શ્રુતિચારી,
સો હરિ પઢ યહ કૌતુક ભારી.

ઈસલિયે આપ દો કિતાબ પઢે વહ ભી આશ્ચર્ય હૈ. ચિઠી વાંચી સામે જોઈ જાણે આ વાતો સ્વીકાર કરના હોય તેમ સહેજ હસ્યા.

આવા પ્રસંગે વખતે ચિઠી આપતા અન્ય લોકોને ગમતુ નહી. પરંતુ સમય પર ન જણાવુ તો તેનો યોગ્ય જવાબ મળે નહિ તેથી કોઈની પરવા કરવી નહી. આ વર્ષે રામનવમી, હનુમાન જયંતિ તેમ જ ગુરૂપૂર્ણિમાના


# રામમાતુ દ્રઃખ સુખ સમજાની, કહિ ગુણ દ્રોષ પ્રયોધી રાની ।

ઉત્સવો બિહારમાં ઉજવાયા. ત્યાંના લોકોના કહેવા પ્રમાણે અમે જયા લાલ બંગલામાં રહેતા અને જયા કેમ્પ હતો તે મેદાન સાપ વીંછીનું ઘર કહેવાનુ જયારે ભગવાન પાસે સ્વયંસેવક ભાઈઓ દ્વારા આ વાત થતી ત્યારે કહેતા, ''નિશ્ચંત રહો, કિસીકો કુછ ન હોગા. સાપ બીચ્છુકે મુંહ સી દિયે ગયે હૈ.'' અને ખરેખર સાત મહિના દરમ્યાન કોઈને સાપ, વીંછીથી કંઈ જ હાનિ થયેલ નહિ.. જયપુરથી બા, બાપુજી આવ્યા ત્યારે મારા નીકળી ગયા બાદ જે ભગવાનનો પત્ર પહોંચેલો તે મને આપ્યો. જો કે હવે તો આ પત્રની વિગત મને ખબર હતી છતા ભગવાનના હસ્તાક્ષર વાંચવામાં એટલો જ આનંદ આવ્યો.

પ્રિય રમુ સાદર આસીમ
શરીર ઠીક નહી તુ પહલી ગાડીએ ચલી આ (પહેલો તો બિહાર બોલાવતા હોવાથી કઈ રીતે આવવુ તે જણાવ્યુ પછી તે ચેકીને આગળ લખ્યુ)
તૂ અનંતપુર જા મેં તુજે લેને આતા હૂં તા. ૫ કો
તૂ અનંતપુર આ જા અચ્છા. સબકો આસીસ
જબ તક મૈં અનંતપુર ન આઉ તબતક તુ અનંતપુર નહી છોડના અચ્છા.


આ રીતે અનંતપુર બોલાવવા ભગવાનના કહેવા પ્રમાણે બે ત્રણ કારણો હતા. એક તો અનંતપુર આવવાના હતા. બીજુ જયપુરથી બિહાર ઘણુ દૂર હોવાથી અનંતપુરથી પોતાની સાથે ગાડીમાં લઈ જવાના હતા. ત્રીજુ ભગવાન જાણતા હતા કે ઘેરથી હુ નીકળુ ત્યારે લઈ ગયા. બે ગાડીઓ હતી. હુ મોટે ભાગે બીજી ગાડીમાં થજ હોઉ પરંતુ તે વખતે કયારેક ભગવાન હું જે ગાડીમાં હતી, તે ગાડીમાં ક્ષણવાર પણ દૂરજવુ કોઈને ગમે નહી અને મને નજીકની સેવા મળે નહી તેથી આ સેવા માટે પણ લાલાયિત રહેતી. તેથી પાણી ભરવા જવા લાગી. મને બૂમ પાડી બોલાવી કહ્યુ, 'કયો તુમ ફાલતુ હો કયા?

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)


સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

પરિસ્થિતિ વશાત પણ કોઈવાર રસોઈનો સામાન સાથે ન લઈ શકતી અને બિહારમાં તો વધારે સમય રહેવાનુ હતુ જેથી ભગવાન અનંતપુરથી પૂરુ સાધન મારી સાથે ન હોય તો અપાવી શકે.

કૃપાસિંધુ પ્રણતારિત હરણા

શ્રી હનુમાન જયંતિનો ઉત્સવ કરી તે જ દિવસે ભગવાન ભુસાવળ ગોરધનભાઈના લગ્નમાં જવા રવાના થયા. બે–ત્રણ બહેનો સાથે જવાના હતા. મને તો કલ્પના પણ ન હતી. છેલ્લી ઘડીએ સાથે પધારતા ત્યારે રસ્તામાં આનંદ કરાવતા કુલ ચાર બહેનો અમે સાથે હતા. કોઈ જગ્યાએ કુવામાંથી પાણી કાઢવાનુ કામ હોય તો તેના માટે પણ તૈયાર રહેતી અને સંતોષમાનતીકે આટલી સેવા તો મળી. એક જગ્યાએ આવો જ પ્રસંગ બન્યો. કુવામાંથી પાણી લાવવાનુ હતુ.ભગવાન પાસેથી બેઠા યહા. ડ્રાઈવરકો ભેજો વહ પાની લે આયગા.' ભગવાન સૌને સમાન માનતા તેથી આવુ સહી શકતાનહી. ભુસાળની યાત્રા દરમ્યાન લગભગ રોજ બોલતા,'મૈ યહા હુ પર મેરા ચિત બિહાર મૈ હૈ જલ્હી પહુંચાન હૈ, કિતની બડી જવાબદારી હૈ,'' ગોરધનભાઈના લગ્ન ધામધુમથી ઉત્સાહપૂર્વક કરાવ્યા.અમે બિહાર પાછા ફર્યા ત્યારે કેમ્પમાં જાણ થતા દરેક સ્વયંસેવક ભાઈ, બહેનો પોતાનુ કામ છોડી દોડતા દર્શને આવ્યા અને બધા ભાવવિભોર બની ગયેઈલાકારણ પાછળથી ત્રણ અદભૂત ઘટનાઓ ઘટેલી.

બાંદા જિલ્લાના સદૈયા ગામના રહેવાસી આનંદીભૈયા સમષ્ટિ રસોઈ ઘરમાં રાત દિવસ તનતોડ મહેનત કરી સેવા આપતા હતા. એક દિવસ ભારે ટોપ ભઠી પરથી ઉતારતા તેઓનો પગ લગભગ વીસ ફૂટ લાંબી પાંચથી છ ફૂટ ઉંડી તેમજ બે ફૂટ પહોળી ભઠી જેમા ઝાંડના થડના થડ બળતા રહેતા તેમા લપસી પડયા. આ જોઈને સાથેના કાર્યકરોની ચીસ નીકળી ગઈ પરંતુ ક્ષણવારમાં આશ્ચર્ય સાથે તેઓ બહારનીકળી ગયા. શરીરનુ એક રૂવાડુ પણ દાઝયુ નહતુ. ''કેવી અદભુત કૃપા!!!'' બિહારમાં સાત મહિના અખંડ અગ્નિ ચાલુ જ હતો.એક ભઠી પર એક સાથે ચારથી પાં,ચ તપેલા રાખવામાં આવતા. ખાસ એવા જાડા પતરાના મોટા તપેલાઓબનાવડાવેલા. એક તપેલામાં એક બોરી ચોખા રંધાતા એટલા મોટાહતા. તપેલાને ચારે બાજુ કડા લગાડેલા હતા જેમાં લાંબુ લાકડુ ભરાવી ચાર–છ ભાઈઓ મળી સામસામેથી ઉપાડી બાજુમાં બનાવેલ મોટા સિમેન્ટના હોજમાં ઠાલવતા. દાળમાં બટેટા અને કાંદા સુધારીને નાંખવામાં આવતા. ખૂબ ગરમીના કારણે સ્વયંસેવક ભાઈઓને પણ લૂથી બચવામાટે કાંદા ખાવાન છૂટ આપેલી. દાળ પણ તે હોજમાં ઠાલવવામાંઆવતી અને મોટા સાધનો

**રામ દ્રરશલગિ લોગ સવ, કરતે નેમ ઉપવાસ ।**

વડે તે મેળવવામાં આવતું, આ બધુ આટલું ભારે કામ ચિત્રકુટ આશ્રમનાં સાધુઓ તેમ જ બાંદા જિલ્લાના ભગવાનના પ્યારા મજબુત ખેડૂત ભાઈઓ સંભાળતા હતા. ગુજરાતી સ્વયંસેવક ભાઈઓ આ મેળવેલા દાળભાતની બાલ્ટીઓ રેકડીમાં ભરી મેદાનમાં બેઠેલી પંગતો સુધી પહોંચાડતા અને ત્યાં પીરસનાર ભાઈઓ તથા બહેનોને સોંપતા શરૂમા તો ત્યાંની અવર્ણનીય ગરીબીના કારણે તે લોકો અધીર બની એક એક બાલ્ટી ખાઈ જતા. પરંતુ તેમની હોજરી નબળી થઈ ગઈ. હોવાથી આ રીતે થોડા પ્રમાણમાં મૃત્યું પણ થયા. પછી તો માપસર દેવાનું રાખ્યું. ધીરે ધીરે વધારતા ગયા. સાત મહિના સુધી જાણે પ્રભુ કૃપાથી આ કાર્ય યંત્રવત ચાલતુ રહયું. દરેકનો અનુભવ હતો કે ગમે તેટલા થાકી ગયા હોય છતાં સવાર થતાં એ જ સ્ફુર્તિ અને એ જ શકિત ભગવાનના દર્શનથી મળી રહેતી. ભગવાનની કૃપાદષ્ટિ પડતા સૌ કોઈનો થાક ઓગળી જતો.

રામકૃપા કરિ ચિતયે જબહી, ભયે વિગતશ્રમ બાનર તબહી.

ખરેખર ભગવાનની શકિતથી જ આ કાર્ય સંભવિત બન્યું છે. તે નરી આંખે દેખાતું હતું. આનંદીભૈયા ભટ્ટીમાંથી પ્રભુકૃપાથી ઉગરી ગયા તે રીતે કેમ્પમાં જંગલ હોવાથી ચાર પાંચ શિયાળ ઘુસી ગયેલા લગભગ સતર જણાને કરડી ગયેલા. પરંતુ પ્રભુ કૃપાથી બધા સાજા થઈ ગયા.તે મેદાનમાં ત્રણ ચાર ખાલી કુવા હતા. લગભગ૩૦થી ૩૫ ફૂટ ઉંડા હતા. રાજકોટથી આવેલ એક છબીલ નામનો છોકરો લગભગ સોળ–સતર વર્ષનો હશે. એક દિવસ રાત્રે પોતાના કાર્યથી પરવારી નિવાસ સ્થાને જતો હતો. તે એક ખુણામાં જયા કૂવો હતો ત્યાં ગયો અને અંધારામાં ખ્યાલ ન રહેતા તે કૂવામાં પડી ગયો. ત્યાંના કૂવાને કઠેડો ન હોવાથી ભગવાને તાર બંધાવી દીધેલા. પરંતુ આ એક કૂવો એક બાજુ હોવાથી રહી ગયેલો. કોઈએ તેને તે બાજુ જતા જોયેલા તેથી પેટ્રોમેકસ સાથે ત્યાં બધા ભેગા થયા અને તેને કાઢવામાં આવ્યો. એને જરાપણ ઈજા થયેલી નહી અને નીડરતાથી અંદરથી બૂમ પાડી કહેતો હતો, રસ્સી ફેંકો હું મારા હાથ પગમાં બાંધી બૂમ પાડી કહેતો હતો, રસ્સી ફેંકો હુ મારા હાથ પગમાં બાંધી લઈશ. પછી મને ખેંચી લો. બહાર નીકળતા પૂર્ણપણે સ્વસ્થ હતો. આ રીતે બિહાર રાહત કાર્ય દરમ્યાન સાત મહિનામાં કોઈને જરાપણ નુકશાન થયેલુ નહિ. આ પ્રસંગે તો જાણે સૌને સજાગ રાખવા

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


**સોનેરી સૂર્યદયની શોધ તરફ...**

**અંતિમ સત્ય**

જ ન્મ – મ ર ણ સમજવાની ધૂન લાગી મને..... જાત્રાએ નીકળ્યો છુ.. મળવાનુ મન છે. તને...! સામેની દિવાલ ઘડિયાળનો કાંટા સરકતો જાય છે. સેલ ખલાસ થઈ જશે કાંટો અટકી જશે....! જયાં સુધી શરીરમાં આત્મા છે. ત્યાં સુધી જીવન પ્રવાહ અવિરત વહેતો રહેશો. પ્રાણ ચાલ્યો જશે. વિચારો બંધ શરીર સાવ ખોખલુ બની જશે. રામ બોલો ભાઈ રામ...! એક ગામમાં સંત આપણા જીવન વિશે સુંદર પ્રવચન કરી રહ્યા હતા. આનંદ–ઉલ્લાસથી જીવન કેવી રીતે જીવન કેમ જીવી શકાય? પ્રવચનના અંતે એક જીજ્ઞાસુએ પ્રશ્ન પૂછયો. તમે જીવન વિશે ઘણી વાતો કરી, પરંતુ મારે મૃત્યુ વિશે જાણવુ છે. મૃત્યુ વિશે વાતો કહો. દરેશ ગામમાં સ્મશાન છે. દરરોજ અખબારમાં મૃત્યના સમાચારો આવે છે. તે વિશે અમારો જાણવુ છે. રોજ સેંકડો મૃત્યુનાં સમાચારો આવે છે. મારે મૃત્યુ વિશે જાણવુ છે.? સંતે કહ્યુ : 'ભાઈ આપણે જીવન જીવી રહ્યા છીએ તે વિશે બધુ જાણવુ છે. પરંતુ મૃત્યુ વિશે મારો કોઈ અનુભવ નથી. કોઈ પ્રત્યક્ષ પ્રમાણ નથી કે હુ તમને વાત કહુ સંતે દૃષ્ટાંત આપ્યુ: ભગવાન પાસે અંધકારે આવીને કહ્યુ કે સૂર્યને સમજાવો કે ઈ તે મારો પીછો ન કરે. મને સતત દિવસ–રાત દોડાવે છે. મારે સૂર્ય સાથે કોઈ વેર નથી. તે શા માટે મારી પાછળ પડયો છે.? ભગવાન કહ્યુ કે હુ તેમને પૂછીશ..... એક દિવસ સૂર્યને બોલાવીને ભગવાને કહ્યુ કે અંધકારની પાછળ કેમ પડયો છે? સૂર્ય કહે : 'કોણ અંધકાર ? હું તેને ઓળખતો પણ નથી. હું તેનો પછી કરતો નથી. અંધકારને હું જાણતો નથી. મતલબ પ્રકાશની ગેરહાજરી એટલે અંધકાર. તેમ જીવાત્માની ગેરહાજરી એટલે મૃત્યુ. મૃત્યુ વિશે આપણે કલ્પના કરી શકીએ છીએ. માણસ સુતો હોય ત્યારે હું કોણ છું? કયા છું? તે ભૂલી જાય છે. જાગૃત થયા પછી તે બધુ જ જાણે છે. ઉંઘએ અલ્પકાલીન મૃત્યુ નથી?

ઓપરેશન દરમિયાન માણસને બેહોંશ બનાવાય છે. તે અલ્પકાલીન મૃત્યુ નથી? બેહોંશીમાં બધુ ભૂલી જાય છે. ઓપરશન પુરુ થતા બોલે છે. બસ ઓપરેશન થઈ ગયુ? મને ખબર પણ ન પડી કે હું કયા છું? હું કોણ છુ ?

–રસ્તામાં એક રાજાની શોભાયાત્રા નીકળી. રસ્તાને એક બાજુ એક માણસ અશબ્દ બોલી રાજાને ગાળો દેતો હતો. સૈનિકએ તેને તરત જ પકડીને જેલમાં મોકલી દીધો. બીજો દિવસે રાજાએ પેલા માણસે બોલવી લાવવા કહ્યુ. પેલો શરાબી નમ્રતાથી આવ્યો. નમસ્કાર કરી ઉભો રહ્યો.

રાજાએ પૂછયુ: ''ગઈ કાલે તુ મને સામે માટે ગાળો આપતો હતો?'' ''અપશબ્દો શા માટે બોલતો હતો?'' પેલા માણસે કહ્યુ: 'હું કોઈ અપશબ્દ બોલ્યો નથી. હું કોઈ ગાળો બોલતો નથી. હું સારો માણસ છું.'' રાજાને સમજાયુ છે કે આ માણસ નશામાં હોંશ ગુમાવી આવુ વર્તન કર્યુ હશે. માણસને નશો ચડે એટલે ભાન ગુમાવે છે. તેને કહ્યુ જ યાદ રહેતુ નથી. નશો દારૂનો હોય, સતાનો હોય, નશો પૈસાનો હોય, નશો તાકાતનો હોય, માણસ વિવેક, વિનય, ભાન ગુમાવે છે. કોઈ પણ લડાઈ, તોફાન, ઝઘડો એ બેહોશીનુ પરિણામ છે. કહ્યો માણસ કદી લડે નહિ. વર્તમાન સમયમાં ઈઝરાયેલ–હમાસ–લેબનોન, બીજાદેશો વચ્ચેની લડાઈ એ શુ છે.? રશિયા–યુક્રેન વચ્ચેનુ યુધ્ધ શુ છે? યુધ્ધ ખરેખર માણસની બેહોંશીનુ પરિણામ છે. પર્યાવરણની અને પૃથ્વીની રક્ષાની વાતો કરતા દેશો કયા ગયા? પેટ્રોલ, ધુમાડો ભયંકર શસ્ત્રો કેટલા રૂપિયાનુ નુકશાન ? કેટલી બરબાદી? જેને કંઈ લેવા દેવા નથી તેવા નિર્દોષ લોકોના મૃત્યુ. માનવજાતને કેટલુ નુકશાન થાય છે? આટલો ખર્ચ નવા નવા સંશોધન પાછળ કરો. માણસને રોગમુકત કરવા સંશોધન કરો. આટલા ખર્ચમાં ગરીબી દૂર થઈ શકે. આજે જે યુધ્ધનો નશો છે. ઉત્સાહ છે. તે ઉતરી ગયા પછી ખબર પડશે કે માણસજાત કેટલી પાછળ ગઈ! સમગ્ર જાતને કેટલુ નુકશાન કર્યુ. યુધ્ધ કોઈ ઉપાય નથી. અવેરેન રામે વેર, ન રામે વેર વેરથી. ભગવાન મહાવીર નું સુત્ર શાંતિનો સંદેશ લાવે? દુનિયામાં બેહોશ માણસો લડાઈ કરે છે. આતંકવાદ કરે છે.

કલીંગની યુધ્ધકથા આપણે સૌ જાણીએ છીએ. ચારેબાજુ કણસતા માણસો મડદાના ઢગલા અનેક વિધવા સ્ત્રીઓના રૂદન તરફડતા સૈનિક અકે સંતે અશોકને આ દ્રશ્ય બતાવીને કહ્યુ આટલા હજારો માણસોને મારી તમે કોની ઉપર રાજ કરશો? સાચુ રાજય કરવા માણસનુ હદય જીતો. માણસનો પ્રમે જીતો. એક અભૂતપૂર્વ પણ હતી. અશોકે શસ્ત્રો ફેકી દીધા કદીપણ યુધ્ધ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી. આજે આ ભયંકર યુધ્ધને કોણ અટકાવશે? અહંકારની લડાઈ કયારે બંધ થશે? કોઈપણ દેશતે સરહદો શા માટે? વસુદેવ કુટુંમ્બકમ આખુ જગત એક કુટુંબ છે. વિશ્વને ભારત આ સંદેશ આપે છે. લોકોને એકબીજા પ્રત્યે પ્રમે થાય. પ્રેમનો સોનેરી સૂર્યોદય ઉગે એવી પ્રાર્થના છે. સૌને માફ કરતા રહો. એક બીજાને ચાહતા રહો એક ક્ષણ માત્રની જીંદગી મળી છે. જીવમાત્રને પ્રેમ કરતા રહો. **(અપૂર્ણ)**

**–ધીરજ વ્યાસ.**

# સમજણ એ જ નારાયણ

**'પાંચીકાના હોય, ન હોય કદી સંતના ઢગલા, સંત તો સૌની મુકિત વહેંચે, નહી વાઘા કે ડગલા. – રમેશ પારેખ**



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


ગાયત્રી શકિતપીઠ – ચલાલા અને તેના સ્થાપક સંચાલક પૂ. રતિદાદા અંગે.. ગમતાનો ગુલાલ કરવો છે. આપશ્રીની અધ્યાત્મ સાથેની સમાજસેવા, શિક્ષણયજ્ઞ, જનજાગૃતિ અંગેની અસંખ્ય પ્રવૃતિઓ અંગે... ઘણું વાંચેલું, સાંભળેલું... પરંતુ આ પ્રવૃતિ પુરૂષનેકયારેય રૂમરૂ મળેલ નહી. જયારે મળ્યા તો અનુભવાયું કે પુજય રતિદાદા તોવિશાળવડલાસમાનછે.જયહો...એક દિવસખાસઆયોજનકરીનેસહપરિવાર ત્રિપદા માં ગાયત્રીજીની કૃપાથી ચલાલા ગાયત્રીશકિતપીઠ પહોંચ્યા. જગતજનની માં ગાયત્રીના દર્શન કરી, મંદિર પરિસરમાં પરિક્રમા કરી.. ઉઁ ભૂર્ભુવ : સહ.. ના જાય સાથે સંસ્થાનાં નિયમાનુસાર પ્રવેશદ્વારે નામ, મોબાઈલ નંબર લખાવ્યા. પૂજય રતિદાદા અને માતૃસ્વરૂપ મંજુબાને પ્રથમ વખત રૂબરૂ મળ્યા....ભાવવિભોર થવાયુંબંન્નેનોસેવા પ્રભાવઅનુભવાયો.સમગ્રવાતાવરણની અંદરવ્યાપ્તદિવ્યચેતનાહતી.મનમાંએક અદ્‌ભૂતશાંતિઅનેઅલૌકિકતાહતી.ત્યાં પૂ.રતિદાદાઅનેપૂ.બાઅમારાપરિવારને રૂબરૂ મળ્યાંપ્રસન્નદાંપત્યનાંઅમેદર્શન કર્યા. સૌ આત્મિયતાથી મળ્યા સત્સંગ થયો.અમોને સૌન યોગ્ય સ્થાને બેસાડી, ચા–પાણીસાથેપ્રસાદરૂપેઅલ્પાહારમળ્યો. મંદિરનું મહત્વ પૂજારીના હાથમાં હોય છે. થોડાપરિચયપછીઅમોનેપંચકલ્યાણીઘોડી ઉપર ક્રમિક સવારીનો લાભ મળ્યો ગૌશાળા... અને ઘોડેસવારીના ફોટા લીધા. જે સગા–સંબંધીઓનેમોકલ્યા...તેઓપણધન્ય થયા.પછી તો આ સ્થળ અમને કાયમ ગમતું થયું. ટુંકા ગાળામાં ત્રણ–ચાર વખત ચલાલા ગાયત્રી મંદિરે આવજા થઈ દરેક વખતનું આકર્ષણ–અનુભવઅનોખા..મારીસુવિચાર લેખનનીયાત્રાનામાધ્યમથીપૂ.રતિદાદાસાથે પછી તો દરરોજનો સંપક રહયો છે. મંદિર સાથેની સંસ્થાની દરેક પ્રવૃતિઓની માહિતી પૂ. રતિદાદામનેડિજીટલમાધ્યમથીમોકલે. આ વિસ્તારનું ધબકતું હૃદય એટલે ચલાલા ગાયત્રીશકિતપીઠઅનેતેનેસંલકનશાળાઓ, કોલેજો વગેરે આ જાગૃત તીર્થસ્થળ અંગે અમારી કાંઈક કહેવું – લખવું છે.– ચલાલા ગાયાત્રીશકિતપીઠ:–અધ્યાત્મ, સમાજસેવા, શિક્ષણસાથે સદકાર્યોનો સ્વસ્તિકસમાનઆ પવિત્ર સ્થળે સંસ્થાની સ્થાપના દિનાંક ૧–૨–૧૯૯૫માંથઈ છે.વર્ષ–૨૦૦૧ માં ડો.પ્રણવપંડયાજીનાકરમળોથીઆસંસ્થામાં અખંડદીપ પ્રજવલિત કરાયોછે.જેઆજેપણ પ્રજવલિતછે.તા.૭/૧૦/૨૦૧૭નાંયાદગાર અવસરે અહી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા અને કોલેજ બીલ્ડીંગ માટે ભૂમિપુજન થયું છે. તા.૯/૧૧/૨૦૨૧ ના રોજ આ સંસ્થા સંચાલિતમહિલાહોસ્ટેલનું ભૂમિપુજનથયું છે. પછીથી..... ગાયત્રીસંસ્કારવિદ્યાલયની સ્થાપનાઅનેપ્રારંભકરવામાંઆવેલછે.આ સંસ્થા દ્વારા શ્રી રામ હોસ્પિટલની સ્થાના અને શરૂઆત કરવામાં આવી છે. જેમાં નિશ્ચિત દિવસે નેત્રયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ, દૂંતયજ્ઞ, પશુસારવારકેમ્પ, વિકલાંગો, દિવ્યાંગોને સાધન સહાય જેવી સમાજ કલ્યાણની અનેક સેવાપ્રવૃતિઓ ચાલે છે.વર્ષ–૨૦૦૬ થી શરૂ થયેલ 'ગાયત્રી સંસ્કાર વિદ્યાલય'માં ધોરણ–૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.તા.૭/૧૦/૨૦૨૧ થીસ્વર્ણિમ, ગુજરાત સ્પોર્ટ્સયુનિવર્સિટીસંલગ્નબી.પી.ઈ.એસ. હરિબા મહિલા કોલેજનો શુભારંભ થયો છે.તા.૧૭/૮/૨૦૨૨થીસૌરાષ્ટ્રયુનિવર્સિટી સંલકન બી.એ/બી.કોમ ફેકલ્ટી પણ શરૂ કરાઈ છે. જેમાં ગુણવતા સભર સારૂ – શિક્ષણ અપાઈ રહયું છે.તાજેતરમાં જ યુગ નિર્માણગાયત્રી પરિવાર ટ્રસ્ટનેચલાલાખાતે ગાયત્રી સંસ્કૃત શકિત ગુરૂકુળની મંજુરી મળી છે.આ સંસ્થા શિવ બાલાશ્રમ, શ્રીકૃષ્ણ ગૌશાળા, વૃધ્ધાશ્રમ, ઈ–સ્કુલ, દીકરા–દીકરીઓ માટે હોસ્ટેલ વગેરે ચલાવે છે. અને તેનું સફળ સંચાલન કરે છે.જરૂરિયાતમંદોને સહાય, સિનિયર સીટીજનોનેયાત્રા પ્રવાસવિગેરે પ્રવૃતિઓનો ધમધમાટ રહે છે. તાજેતરમાં જ કાનજી ભૂટા બારોટ એવોર્ડની શરૂઆત પણ થઈ છે. જે પ્રથમ પૂ.છેલભાઈ વ્યાસ સાહેબને અર્પણ થયેલ.આ સંસ્થામાં સંતો, મહંતો, મહાત્માઓ, ભકતો, ભાવીકો સૌ અવાર નવાર મુલાકાતે પધારી ધન્યતા અનુભવે છે. ધર્મ–કર્મની ધજા સદા ફરકતી રહે છે. મંદિર એટલે શ્રધ્ધા – આસ્થા એકતાનું કેન્દ્ર રાષ્ટ્ર ભાવના સાથે સેટે સનાતન મુલ્યોનું અહી જતન કરે છે. 'સદકાર્યો ભલે હોય મોટા કે નાના....રજ, સરીખાં, પણ વમળો તેના ફેલાઈ વળેછે. સમગ્રબ્રહ્માંડે. ચલાલા ગાયત્રી શકિતપીઠના પૂ.રતિદાદાને તેમની અસાધારણ સેવાઓને ધ્યાનમાં લઈને હાલમાં જ ડોકટરેટ (પી.એચ.ડી)ની પદવીથી નવાજવામાં આવેલ છે.પૂ.રતિદાદાઅનેપૂ.બાનોમાયાળુસ્વભા સૌનેભીનાશઆપેછે.


પૂ.દાદાનાં સુપુત્ર શ્રી મહેશભાઈ મહેતા જેઓ સંસ્થાના ડાયરેકટરછે.તેઓશ્રી 'ભારતભુષણએવોર્ડ થીવિભુષિતછે.સંસ્થાનાંમાધ્યમથીતેઓથી પૂ.દાદાના માર્ગદર્શનથી રાત–દિવસ કાર્યરત રહી ઘણું કાર્ય કરે છે.શ્રીયુત મહેશભાઈ મહેતાના અધાંગના અ.સૌ શીતલ બહેન મહેતા મહિલા કોલેજનાં સંચાલન સાથે સંકલન કરીને સુચારૂ કર્મયોગકરેછે.તેથીપ્રસન્નતાસાથેરાજીપો થાયછે.વિદેશમાંસ્થાપીથયેલછે.તેદાદાનાં નાના પુત્ર નેહજી મારે રૂબરૂ મળવાનુંથયું નથી. પરંતુ તેઓની પ્રવૃતિઓ સેવાભાવ સંસ્થાનાવિકાસમાંઅનુભવાયછે.સમાપન વખતેઆલેખનામાધ્યમથીએટલુંચોકકસ કહીશ કે માતાજીનું સાંનીધ્ય, પૂ.રતિદાદા અને સમગ્ર પરિવારની હૃદય સ્પશી, ભાવસભા સાધનાથી આ પરિસર.. યાત્રાધામની ગરીમાંથી, દિવ્યતા અને ભવ્યતાથી શોભે છે. સમાજને સાચો માર્ગ બતાવેછે. ત્યારે... મા ગાયત્રીનાચરણોમાં વંદનપૂ.દાદાનાપરિવારનેપ્રણામમાતાજી સઘળા શુભ સંકલ્પો સિધ્ધ કરે તેવી મંગલમય પ્રાર્થના – જય ગાયત્રી માં.

નવનીત:

'સમ્રાટમાંનથી,અનેદરવેશમાંનથી.,મારી મનુષ્યતા, કોઈ ગણવેશમાં નથી. – ભગવતીકુમારશર્મા...

# 'પાત્ર પપ્પા' નું

## અનુભૂતિનાં અક્ષરો


- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



**પપ્પા એટલે ખાલી નામ નહી,**
**આખે આખી ઓળખાણ છે.**
**મા છે મમતાની મુરત તો,**
**પપ્પા જવાબદારીનું સ્થાન છે.**

આમ, તો આપણા શાસ્ત્રો હોય કે પછી સાહિત્ય માનું અમાપ ગૌરવગાન થયુંછે. અનેઆ માતૃત્વનો મહિમા અમૂલ્ય છે એ આપણે સોએ જાણ્યું છે કારણ કે માની લાગણી કે સંવેદનાઓને અભિવ્યક્તિ મળી છે. કારણ કે 'મા' એ વ્યકત થતું પાત્ર છે. તેનું વ્હાલ હોય કે વેદના, પ્રેમ હોય કે પીડા બધું જ સંતાન અનુભવી શકે છે અને એટલે જ સમજી શકે છે. તેથી મા પ્રત્યેસંતાનવધુજોડાણઅનુભવેછે, વધુ સંવેદનશીલ હોય છે.

જયારે પિતાએ એવું પાત્ર છે કે જે હંમેશા અવ્યક્ત રહે છે. તે કયારેય પોતાના વ્હાલ કે વેદનાને વ્યક્ત કરી શકતા નથી. તેનો પ્રેમ કે પીડા કદી આંખના આંસુ બનીને છલકાતા નથી. તેપરિવારનીપરવાનેકાયમઅંગેઓઢીનેફરેછે. જરૂરિયાતો કે જવાબદારીઓ તેને વ્યક્ત થવાનો વખત જ નથી આપતી.

બાળકને બાળપણથી જ 'કંઈ કરીશ તો પપ્પાને કહી દઈશ' આવું ઘણીવાર સાંભળવા મળેછે. જેના લીધે સંતાનના માનસના પિતાની એક ખૂબ ખીજાળ કે કડકસ્વભાવવાળી છબી ઉપસે છે. જેની સામે પિતાનું પણ હંમેશા ખૂબ મક્કમતાભર્યુંનેમજબૂતવલણતેછબીને સાચી બનાવે છે. તેમનું ગંભીર વ્યક્તિત્વ આ વાતને સમર્થન આપે છે. કારણ કે સંતાનસામેપિતા કયારેય કમજોર પડતો નથી. પોતાની અઢળક ઉપાધિયો છતાં સંતાનની સગવડ અને સવલત સાચવવામાંતે પાછી પાની કરતો નથી. 'ખરેખર સંતાન તો માત્ર સપના જોવે છે એનેપૂરા કરવાનો પરિશ્રમ પિતા કરેછે.' માટે આ પિતા એટલે કે પપ્પાનું પણ આપણા જીવનમાં અમૂલ્ય મહત્વ છે.

જેને બે પંક્તિમાં કહું તો,

'પપ્પા એટલે પાવન ધામ,
પપ્પા એટલે મજબૂત ચટ્ટાન,
પપ્પાએટલેમાથેનુંછત્તર ને,
પપ્પા એટલે આખુંય મકાન.'

માનું મૂલ્ય કદી ભૂલી ન શકાય. તો પપ્પા પણ એટલુંજ મૂલ્ય અને મહત્વ ધરાવે છે. કેમ કે રસોડે રસોઈ બનાવી તૈયાર થાળી આપતી માનો પરસેવો સંતાન જોઈ શકેછે. પરંતુ ઈસ્ત્રી ટાઈપ કપડામાં કમાવા ઘરની બહાર રહેતા પિતાનો પરિશ્રમ કે પરસેવો સંતાનને દેખાતો નથી અને એટલે જ સમજાતો પણ નથી. મા સંતાનની દરેક સુવિધા સાચવે છે પરંતુ તે સુવિધાની સામગ્રીની વ્યવસ્થા પિતા કરે છે. જે મકાનની છત આખા પરિવારને સલામતી ને સુરક્ષા આપે છે એ જ મકાનમાં પિતા રાત સિવાય રહી શકતો નથી.સંતાનોને મોંઘી દાટ વસ્તુઓ લઈ આપનાર પિતા પોતાની કાણાવાળી ગંજીબદલતા નથી. દર દિવાળીએ સંતાનોનેપત્નીઅનેપરિવારનીબધીજ ખરીદી કરાવી, 'મને કપડાનો શોખ નથી' કહી બજેટ બચાવતા પપ્પાની દબાયેલી લાગણીઓ સંતાનોને દેખાતી નથી. પિતા ક્યારેય બાળકને માની જેમ ગળે વળગાડી પોતાનું વ્હાલ દર્શાવી નથી શકતા. પણ હૃદયમાં અમાપ હેત સાચવે છે. તેના આંસુઓ ક્યારેય દેખાતા નથી. કેમકેતેરાતનાઅંધકારમાંતકિયાપર પડે છે. સંતાનોના સપના કે શોખ પૂરા કરવા એ રાત દિવસ જોયા વગર પોતાની ઉઅમર ખર્ચે છે. એક પુઢષ જયારે પિતા બનેછે ત્યારે તે પુઢષ, પતિ કે પુત્ર મટીસે પહેલા 'પિતા' બનીને જ રહી જાય છે.

પિતાનો પ્રેમ ક્યારેય પારખી શકાતો નથી. મા બાળકને કેડે ઊંચકે ત્યારે વિચારે કે, 'માઢં બાળક હું જે જોઉં છું તે બધું જ જોવે.' જયારે પિતા બાળકને ખભે બેસાડે કારણ કે, 'તે ઈચ્છે છે કે હું જે નથી જોઈ શકતો એ પણ માઢં બાળક જોવે. મારાથી પણ આગળ અને મારાથી પણ વધારે. 'આમ બહારથી કોપરા જેવા કડક દેખાતા પિતા અંદરથી ખૂબ નરમ હોય છે. જો મા તરીકે દેવકીનો પુત્ર વિયોગ અનેયશોદાનો પુત્રપ્રેમ યાદ કરીએ ત્યારે કૃષ્ણના જીવનમાં તેને સલામત રીતે ગોકુળમાં પહોંચાડનાર પિતા તરીકે વાસુદેવની વ્યથા અને ગોકુળમાં તેના પિતાનુંદાયિત્વનિભાવીપિતાનોભરપૂર પ્રેમ આપનાર નંદબાવાનું મૂલ્ય પણ કેમ ભૂલી શકાય? આમ પિતા પણ આપણા જીવનમાં અમૂલ્ય સ્થાન ધરાવે છે. ત્યારે પિતાને પ્રેમથી ગળે વળગાડી હૃદયથી વ્હાલના બે વેણ કહી દેજો. એ જ આપણો 'ફાધર ડે'. ક્યારેક એની પાંપણની પાછળની પીડાને ઉકેલવાનો પ્રયાસ કરજો.પિતાને તમારી પાસેથી પૈસા નહીં પ્રેમ જોઈએ છે. તમારી સંપત્તિ નહીં પણ તમારો સ્નેહ ને સમય જોઈએ છે. બની શકે તો જે પિતાએ પોતાના પિતાના પાત્રને ન્યાય આપવા પોતાની અંગત ઈચ્છાઓને અન્યાય કર્યો છે તેનું મૂલ્ય સમજીને તેની કદર કરજો. કારણ કે આ પિતાને તમે કોઈ પ્રતિષ્ઠા પૈસો કે ભેટ સોગાતો નહીં આપો તે ચાલશે એનો એને કોઈ વસવાસો નહીં રહે. પરંતુ જયારે કોઈ સંતાન પોતાના પિતાને 'તમે અમારા માટે શું કર્યુ?' આવો સવાલ કરે છે ને ત્યારે એ બાપ જીવતા જીવે સળગી જાય છે. કેમકે તે બાપ છે તે ગણાવી નથી શકતો કે તેણે શું કર્યુ? પણ આજે તમારી સુધરેલી જિંદગી એ એની બગડેલી ઉંમરની અહેસાનમંદ છે. તમારા બ્રાન્ડેડ કપડા એ એની દરેક કાણાવાળી બંડી અને રફુ કરેલ પેન્ટના પરિણામે છે. તો માને જો દેવીનો આદર આપીએ તો પિતા પણ એ જ મંદિરના ભગવાન છે એ ભૂલવું નહીં.ટૂંકમાં,

ચટટાન સે જો દ્રિખતે હૈ, જો અંદર અંદર પીસતે હૈ,
પરિવાર કા પ્યાર કમાને કો, વો પૂરા જીવન ષીખતે હૈ।

પિતાની છાયા મળી હોય ને તો સાચવી લેજો. કેમ કે બધા એટલા નસીબદાર નથી હોતા. ઘણાના નસીબમાં આ છાયા હોતી નથી.

'હેપી ફાધર્સ ડે' 'પપ્પાને વ્હાલ સાથે વંદન'

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે પોલીસના નવા કાયદાની અમલવારી માટે તાલીમ યોજાઈ



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ચલાલા પોલીસ સ્ટેશન દ્વારા નવા કાયદાની અમલવારી થવાની હોય તે અંતર્ગત પી.એસ.આઈ આર.આર. ગલચર દ્વારા ચલાલા પોલીસ સ્ટેશનના ભગીરથભાઈ ધાધલ, યુવરાજભાઈ વાળા સહિતના તમામ પોલીસ સ્ટાફના ભાઈઓ, બહેનોને તાલીમ આપવામાં આવી હતી. કાયદાઓ વિષે આર.આર. ગલચર વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ સંસ્થાના કલેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ સર્વનુ સ્વાગત સન્માન કર્યુ હતુ.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં

માર્ગો ઉપર નીકળી પડયા હતા. સાંજે છ વાગ્યાના સમયે વાદળો વિખરાય જતાં ફરી અમરેલીમાં તડકો નીકળ્યો હતો.

અમરેલી શહેર ઉપરાંત અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, લાપાળીયા, દેવભૂમિ દેવળીયા, ચાંદગઢ ગામ સહિતના આજુબાજુના વિસ્તારોમાં પણ વરસાદ પડયો હતો. જયારે અમરેલીના મોટા ગોખરવળાની સ્થાનીક નદીમાં પુર પણ આવ્યું હતું. જયારે અમરેલીના ગ્રામીણ વિસ્તારમાં ધોધમાર વરસાદથી ખેડૂતોમાં હરખની હેલી જોવા મળતી હતી.

પંથકમાં આંબા, કણકોટ જેવા ગામડાઓમાં પણ ધોધમાર વરસાદ પડયો હતો. વરસાદના કારણે કણકોટ ગામની શેરીઓ પાણીમાં તરબતર થઈ જવા પામી હતીઅને કણકોટના પાદરમાંથી પસાર થતા નદીના વોકળામાં પાણી વહેતા થયા હતા.

અમરેલી–લીલીયા પંથક બાદ સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘો મુશળધાર મંડાયો હતો.

સાવરકુંડલાના વંડા, મેકડા, જેજાદ, વાંશિયાલી, શેલણા ગામોમાં ધોધમાર વરસાદ પડયો હતો. વરસાદને લઈ સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં શેરીઓ પાણી પાણી થઈ જવા પામી હતી.

લાઠી શહેર સાથે ગ્રામીણ ગામડામાં ધીમીધારે વરસાદ વરસાદ પડયો હતો. કવિ કલાપીના લાઠીમાં મધ્યમ ગતિએ વરસાદ વરસતા અસહ્ય બફારો અને તાપમાંથી લોકોને રાહત મળી હતી.

અમરેલી જિલ્લામાં સાંજે છ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૧૨ મી.મી., લાઠીમાં ૧૮ મી.મી., લીલીયામાં ૧૦ મી.મી. તથા વડીયામાં ૪ મી.મી. વરસાદ નોંધાયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલાનાં જોલાપરી નદીમાંથી

વાળી છે. આ રેતીઆ પાણીથી સાફ કરીને રાજુલા અને મહુવા સુધી રેતી અને આજુબાજુ ના ખેતરો સુધી પાણી પહોંચાડવાનો કારસો રચેલો છે. અહિયાં પાઈપલાઈનમાં ભંગાણ સર્જી નજીકમાં એક તળાવ બનાવ્યું છે જેમાં પાણી એકત્રિત થાય છે. ત્યારબાદ આ પાણીમાંથી રેતી ભરવામાં આવે છે અને ખેતરો સુધી પાણી પહોંચાડવા આવે છે. જયારે ખનીજ માફિયા દ્વારા આવી રીતે કારસો રચી પોતાના માટે પાણી લઈ રહ્યા છે. અહિયાં પાઈપલાઈનમાં ઘણાં સમયથી ભંગાણ છે છતાં પણ પાણી પુરવઠા બોર્ડ દ્વારા યોગ્ય સમારકામ કરવામાં આવતું નથી. હવે ઘોર નિંદ્રામાં પોઢી રહેલા સરકારી બાબુઓ આળસ ખંખેરી આવાં માફિયા સામે કાર્યવાહી કરી પાઈપલાઈનનું યોગ્ય સમારકામ કરી પાણી ચોરી અટકાવે છે કે નહીં એ તો હવે આવનારો સમય જ બતાવશે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલાથી રાજુલા વચ્ચે

ઉમદા હેતુને સાઈડ કરવા હંમેશા કમર કસતા રાજુલા–જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને સાવરકુંડલા–લીલીયા બેઠકના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ધ્વારા સાવરકુંડલાથી છેક જાફરાબાદ સુધીમાં બાઢડા, થોરડી, રાજુલા સુધી ફોરટ્રેક માર્ગની માંગણી પર રાજય સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરીની મહોર મારીને ૨૨૫ કરોડ જેવી માતબર રકમની સૈધ્ધાંતિક મંજૂરી મેળવતા બન્ને વિધાનસભા બેઠકનાં લોકોમાં ખૂશીઓ જોવા મળી રહી છે. જયારે સૌથી વિકસિત ગણાતા પિપાવાવ પોર્ટથી વાયા અમરેલી થઈને ગાંધીનગર સુધી ફોરટ્રેક રોડ બને તે માટે બન્ને ધારાસભ્યોએ વિધાનસભાના ફલોર પરથી પણ માંગણી કરી છે. ત્યારે નામના નહિ પણ કામના કહેવાતા કસવાલા સંગાથે કોહિનૂર હીરાની માફક હંમેશા ચમકતા હીરાભાઈ સોલંકીની દીર્ઘદ્રષ્ટિને આભારી હોવાનું આ સ્ટેટ હાઈવેના ખેડૂતો કહી રહ્યા છે. તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં જુના માર્કેટયાર્ડ

આવેલ જુના માર્કેટીંગ યાર્ડમાં આવેલ 'મસ્ત ગેમ ઝોન' નામે ગેમઝોનના સંચાલક/માલીક આરીફભાઈ સતારભાઈ જેઠવા નામનાં ઈસમે તથા અમરેલીના રાજકમલ ચોક, સીટી મોલ કોમ્પ્લેક્ષમાં આવેલ 'ગેમ કોર્નર'ના સંચાલક વસીમભાઈ સૈયદમહમદભાઈ એદ્રુસીએ પોતાના ગેમ ઝોન ચલાવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના નિયમ–૩૩(૧) મુજબ સાર્વજનિક મનોરંજનની જગ્યાના પરવાના વગર તથા ફાયર એન.ઓ.સી. તેમજ ફાયર લગત સાધનો લગાવ્યા વગર જ ગેમઝોન ચલાવી અને બીજા વ્યકિતઓની જીંદગી અથવા શારીરિક સલામતીને જોખમમાં મુકે તેવુ કૃત્ય કરતા સીટી પોલીસે ગેમઝોનના સંચાલક/ માલીક સામે આઈ.પી.સી. કલમ ૩૩૬ તથા જી.પી.એકટ કલમ–૧૩૧(ક) મુજબ ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીનાં સુરગપુરામાં

શકી ન હતી. અગાઉ રીવામાં પણ આવી જ ઘટના બની હતી. બોરવેલમાં પડી ગયેલી બાળકી જીવનની લડાઈ હારી ગઈ. NDRF અને સ્થાનિક પ્રશાસનના તમામ પ્રયાસો છતાં આરોહી નામની આ બાળકીને બચાવી શકાઈ નથી. તે માત્ર દોઢ વર્ષની હતી અને અન્ય બાળકો સાથે રમતી હતી. આ ઘટના લાઠીના સુરગપુરા ગામમાં બની હતી જ્યાં આરોહી બોરવેલમાં પડી હતી. NDRF અને અમરેલી ફાયર વિભાગે ૧૭ કલાક સુધી આરોહીને બોરવેલમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ સફળ થઈ શક્યા નહીં. જ્યારે આરોહીને બહાર કાઢવામાં આવી ત્યારે તેણીનું મૃત્યુ થયું હતું. આરોહીને બોરવેલમાંથી જીવતી બચાવવા માટે ૧૭ કલાક સુધી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે આરોહીને બોરવેલમાંથી બહાર કાઢીને તપાસવામાં આવી ત્યારે આરોગ્ય વિભાગના અધિકારીઓએ આરોહીને મૃત જાહેર કરી હતી.આ પછી, આરોહીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આરોહીના મૃત્યુ બાદ તેના ઘરમાં શોકનો માહોલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉ | ૫૦૪ | ૫૦૪ |
| ૨ | ચણા | ૧૧૫૬ | ૧૩૦૧ |
| ૩ | તુવેર | ૧૭૬૦ | ૧૭૬૦ |
| ૪ | તલ | ૨૩૩૭ | ૨૩૬૦ |
| ૫ | એરંડા | ૧૦૭૦ | ૧૦૭૧ |

## જાહેર હરરાજી

**:// શેઢાવદર પ્રા.શાળાનાં જુના બિલ્ડીંગની હરરાજી //:**

ઉપરોકત પ્રા. શાળાનાં સમાવિષ્ટ હિસ્સો : ૬ નળિયાવાળા રૂમો, ૧ સ્લેબ વાળો રૂમ, કુમાર – કન્યા સેનિટેશન અને નળિયાવાળુ મધ્યાહનનું રસોડું જાહેર હરરાજી રાખેલ હોય જેની અપસેટ કિંમત ૮૦,૦૦૦/– રાખેલ છે, **જાહેર હરરાજીનું સ્થળ :** શ્રી શેઢાવદર પ્રા. શાળા, તા.૨૦/૦૬/૨૦૨૪, ગુરૂવાર, **સમય :** સવારે ૯:૦૦ કલાકે રાખેલ છે. **નોધ :** હરરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ ડિપોઝીટ પેટે રૂા.૨,૦૦૦/– અગાઉ જમા કરાવવાનાં રહેશે.

**એસ. એમ. સી. અને ગ્રામ પંચાયત શેઢાવદર, મો. નં.૯૬૬૨૧ ૨૧૪૭૪**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૭૯ | ૧૫૧૧ |
| ૨ | મગફળી | ૧૦૭૫ | ૧૧૧૫ |
| ૩ | તલ સફેદ | ૨૪૩૦ | ૨૫૭૦ |
| ૪ | ચણા | ૧૧૮૫ | ૧૨૭૫ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ૬ | જીરૂ | ૪૬૪૦ | ૫૪૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૨ | ૧૪૦૬ |
| ૨ | ચણા | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ૩ | જુવાર સફેદ | ૮૭૧ | ૯૦૧ |
| ૪ | એરંડા | ૧૦૫૮ | ૧૦૫૮ |
| ૫ | મગફળી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૬ | તલસફેદ | ૨૨૭૫ | ૨૪૩૬ |
| ૭ | ધાણા | ૯૬૦ | ૯૬૦ |
| ૮ | મકાઈ | ૪૫૧ | ૪૫૧ |

સંકુલ ધો. ૬ થી ૧૨ કુમાર શાળા – પ્રવેશ ચાલુ
ધો. ૧૧ કોમર્સ & સાયંસ બાયોલોજી – મેથ્સ પ્રવેશ
★ સીટી અપડાઉન બોર્ડીંગ – માત્ર શિસ્તબધ્ધ ચારિત્રવાન કુમાર ને પ્રવેશ
★ ધો. ૧૧–૧૨ સાયંસ JEE - NEET - GUJCET ડેઈલી નિઃશુલ્ક ક્લાસ
★ ધો. ૧૦–૧૨ બોર્ડ A1 - A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ 50% / 25% સ્કૂલ ફી માફ / પરત
★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિ છ ન પરિક્ષા – હોમ રીડીંગ રાઈટીંગ
★ સંકુલ ગ્રેઈટ 5 - CBSE ન્યુ બિલ્ડીંગ – સેપરેટ કમ્પાઉન્ડ – બપોરની શીફ્ટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 045

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## –// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //–

અપીલરજી નં. ૬૪/૨૦૨૪

અરજદારઃ–શ્રી દક્ષાબેન શિવશંકર ઠાકર
રહે. ખાખરીયા, વા/ઓ હરકિશનભાઈ કાંતિલાલ જોષી
મુ.ખાખરીયા, તા.બાબરા, જિ.અમરેલી **//વિરુધ્ધ//**

સામાવાળાઃ–જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
–વ–
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી, તા.જિ.અમરેલી

**//નોટીસ//**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના દક્ષાબેન શિવશંકર ઠાકર જન્મ તા. ૧૫/૧૨/૧૯૭૮ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૯/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિકકો)

**સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ**
**અમરેલી**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૮૧ | ૧૧૭૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૬૨ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૭૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૧૦ | ૧૫૯૧ |
| ૫ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૭૦૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૨૬૩ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૩૦૪૪ |
| ૮ | બાજરો | ૪૧૫ | ૪૫૧ |
| ૯ | જુવાર | ૪૧૪ | ૮૫૭ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૬ | ૫૯૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૭ | ૫૪૮ |
| ૧૨ | મગ | ૧૧૫૦ | ૧૬૩૫ |
| ૧૩ | ચણા | ૧૦૨૦ | ૧૩૨૭ |
| ૧૪ | તુવેર | ૨૦૨૦ | ૨૨૫૦ |
| ૧૫ | કપાસ | ૯૨૧ | ૧૪૭૮ |
| ૧૬ | એરંડા | ૧૦૩૬ | ૧૧૦૦ |
| ૧૭ | જીરૂ | ૪૨૦૦ | ૫૨૮૦ |
| ૧૮ | રાયડો | ૯૯૫ | ૧૦૦૬ |
| ૧૯ | ધાણા | ૮૪૦ | ૧૪૮૦ |
| ૨૦ | અજમા | ૨૧૩૦ | ૨૧૩૦ |
| ૨૧ | મેથી | ૧૦૬૮ | ૧૧૨૨ |
| ૨૨ | સોયાબીન | ૭૫૦ | ૮૭૮ |
| ૨૩ | રજકાનું બી | ૪૯૭૦ | ૪૯૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૪૧ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૪ | શીંગ ફાડા | ૧૪૦૦ | – |
| ૫ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૭૧૦ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૧૯ |
| ૭ | જીરૂ | ૪૮૦૦ | ૫૫૫૦ |
| ૮ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૩૯ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૭૦ | ૫૨૯ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૯૦૫ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૪ | મગ | ૧૫૭૫ | ૧૭૫૦ |
| ૧૫ | અડદ | ૧૭૦૦ | ૧૮૭૫ |
| ૧૬ | ચણા | ૧૨૭૦ | ૧૩૩૦ |
| ૧૭ | તુવેર | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૧૮ | એરંડી | ૧૦૦૦ | ૧૦૭૨ |
| ૧૯ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૦ | ધાણા | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨૧ | સોયાબીન | ૮૪૦ | ૮૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨ | ચણા | ૧૨૭૦ | ૧૨૯૨ |
| ૩ | ધાણા | ૧૧૨૫ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૩૭૦ | ૫૦૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૮૦ |
| ૬ | જુવાર | ૪૩૫ | ૪૩૫ |
| ૭ | તલસફેદ | ૨૦૦૦ | ૨૩૫૦ |
| ૮ | શીગફાડા | ૧૩૯૫ | ૧૪૦૦ |
| ૯ | સોયાબીન | ૮૪૦ | ૮૫૬ |
| ૧૦ | મગ | ૧૧૨૦ | ૧૫૬૦ |
| ૧૧ | મેથી | ૯૨૦ | ૧૦૦૦ |
| ૧૨ | મગફળી | ૯૧૦ | ૧૦૫૦ |
| ૧૩ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | જીરૂ | ૩૮૧૦ | ૩૮૧૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૪૧૫ | ૧૫૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૫૨૫ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૪૭૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૬ |
| ૬ | જુવાર | ૫૩૬ | ૯૦૨ |
| ૭ | મેથી | ૯૪૦ | ૯૪૦ |
| ૮ | ચણા | ૯૫૦ | ૧૨૮૦ |
| ૯ | જીરૂ | ૪૦૦૦ | ૫૦૦૦ |
| ૧૦ | એરંડી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૧ | રાય | ૮૭૧ | ૮૭૧ |
| ૧૨ | ધાણા | ૧૩૬૦ | ૧૩૬૦ |

### વી.એલ. ગેલાણી વિદ્યાલય ખાતે

# બાબરનાં ધોરણ.૧૦મા શ્રેષ્ઠ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોનું સન્માન

## દર વર્ષે સફળ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સન્માન કરાશે

બાબરા,તા.૧૫

બાબરાની વી.એલ.ગેલાણી વિદ્યાલયમાં ધોરણ ૧૦ માં ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ પરિણામ મેળવવામાં મહેનત કરાવનાર શિક્ષકનું પણ સન્માન શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

માર્ચ ૨૦૨૪ ધોરણ ૧૦માં વી.એલ.ગેલાણી વિદ્યાલયમાં એવન ગ્રેડ લાવનાર વિદ્યાર્થીની કાવ્યા અસલાલિયા તેમજ જોષી દિયા તેમજ ગણિતનાં શિક્ષક કુબાવત દિનેશભાઈને શાળા પરિવારનાં મુખ્ય ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી અને ઈલાબેન ગેલાણી દ્વારા રૂ. ૧૧૦૦૦નો ચેક રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આથી વી.એલ. ગેલાણી દ્વારા વિદ્યાર્થી તેમજ શિક્ષકને પૂરતું પ્રોત્સાહન મળી રહે તેવા હેતુ સાથે રોકડ પુરસ્કાર તેમજ સન્માનિત કરવામાં આવ્યા હતા અને આગળ આવતા વર્ષે પણ જે વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પરિણામ મેળવશે તેમજ શિક્ષકો પણ પૂરતી મહેનત કરવામાં વિદ્યાર્થીઓને મદદ કરશે તો આજ રીતે રોકડ પુરસ્કાર સ્વરૂપે સન્માનિત કરવામાં આવશે.

# બગસરામાં શાંતિ સમિતિ ની બેઠક યોજાઇ



બગસરા ,તા.૧૫

બગસરા શહેરમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં આવનારા તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે નવ નિયુકત પીઆઈ એમ.ડી. સાલુખેની આગેવાનીમાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના આગેવાનો તેમજ રાજકીય આગેવાનો તેમજ હિન્દુ મુસ્લીમ બંને સમાજના આગેવાનોએ પરિચય કરાવી શહેરની સમસ્યા વિશે ચર્ચા કરવામાં આવી હતી. બગસરા શહેર ના રાજકીય આગેવાન તેમજ સમાજના મોભી એવા રશ્મિનભાઈ ડોડીયા દ્વારા નવ નિયુકત પીઆઈ ને શહેરની ગંભીર સમસ્યા વિશે ચર્ચા કરવામાં આવી હતી કે શહેર માં આજ કાલ ડ્રગ્સનું તેમજ ઈંગ્લિશ દારૂનું દુષણ ખૂબ વધી ગયું છે. શહેરના ખૂણે ખાંચરે ડ્રગ્સ તેમજ ઈંગ્લિશ દારૂ વેચાય રહેલ છે. જેના લીધે યુવા ધન બરબાદ થઈ રહેલ છે. તો આવા લોકો ઉપર કડક કાર્યવાહી કરી જે શહેરને બરબાદી તરફ વાળી રહેલ આવારા તત્વો ઉપર તવાઈ કરવામાં આવે જેથી કરીને શહેરનું યુવા પેઢી આ દુષણથી બચી શકે આ પ્રશ્નને ગંભીર રીતે અભ્યાસ કરવામાં આવે તેવી નવ નિયુકત પીઆઈને ભલામણ કરવામાં આવી હતી.

### મુખ્યમંત્રીનાં રાહતફંડમાંથી મળી મદદ

# લાઠીનાં ટોડા ગામના દર્દીને રૂપિયા ૧ લાખની સહાય મંજૂર કરાઈ

## ધારાસભ્ય જનક તળાવીયાએ રકમ મંજુર કરાવી

લાઠી,તા.૧૫

લાઠી બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી તાલુકાનાં ટોડા ગામનાં વિનુભાઈ ભગવાનભાઈ સાંગાણીને માથાનાં અંદરનાં ભાગે ઈઝા થતા સબડ્યુરલ હેમરેજ થયેલ હતું. જેની સારવાર ગોકુલ હોસ્પીટલ રાજકોટ ખાતે ચાલી રહી હતી. આ પરીવાર મધ્યમ વર્ગનો હોવાથી, આ આકસ્મીક ખર્ચને પહોચી વળે તે માટે મુખ્યમંત્રીનાં રાહતફંડ માંથી સહાય પેટે રકમ આપવા ભલામણ કરતા રાજય સરકાર મુખ્યમંત્રીનાં રાહત ફંડમાંથી



રૂપિયા એક લાખ મંજૂર કરવામાં આવેલ છે અને આ પરિવારને આ સહાયની રકમ હોસ્પીટલનાં ખાતામાં જમા કરવામા આવેલ હતી.

# અમરેલી : સિનિયર સબ એડિટર શ્રી રોહિત ઉસદડનું જિલ્લા માહિતી કચેરી દ્વારા અભિવાદન અને સ્વાગત



અમરેલી,તા.૧૫

અમરેલી તા. ૧૫ જૂન, ૨૦૨૪ (શનિવાર) માહિતી વિભાગનાં કર્મયોગી રોહિત ઉસદડએ જૂનાગઢ જિલ્લા માહિતી કચેરી ખાતે માહિતી મદદનીશ ફરજ બજાવતા હતા, તેમને સિનિયર સબ એડિટર તરીકે બઢતી મળતા તેઓને જૂનાગઢ થી અમરેલી જિલલા માહિતી કચેરી ખાતે બદલી થતાં અમરેલી જિલ્લા માહિતી પરિવાર દ્વારા તેમનું અભિવાદન અને પુષ્પગુચ્છ આપી સ્વાગત સત્કાર કરવામાં આવ્યા હતા.

આર.બી. ઉસદડે, માહિતી ખાતામાં વર્ષ–૨૦૧૯માં પ્રાદેશિક માહિતી કચેરી વડોદરા ખાતેથી માહિતી મદદનીશ તરીકે તેમની સેવાઓનો પ્રારંભ કર્યો હતો, તેમણે ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લા માહિતી કચેરી ખાતે માહિતી મદદનીશ તરીકે ફરજ બજાવી હતી. કોરોનાનાં સમયગાળા દરમિયાન તેમણે રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે ઉત્તમ સેવાઓ આપી તેમની કર્તવ્ય પરાયણતાનો પરિચય આપ્યો હતો. રોહિતભાઈએ રાજકોટો સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એ.ડી. શેઠ પત્રકારત્વ ભવન ખાતેથી વર્ષ–૨૦૧૪માં પત્રકારત્વનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.

આ અગાઉ તેમણે રાજય સરકારની અન્ય કચેરીઓની સેવા અને ખાનગી સમાચારમાં માધ્યમ સંસ્થાઓમાં પત્રકાર તરીકે કામગીરી કરી છે. અમરેલી જિલ્લા માહિતી કચેરીનાં કર્મયોગીઓ દ્વારા તેમને ઉમળકાભેર આવકાર આપી, બઢતીનાં અભિનંદન અને નવી ફરજ માટે શુભકામનાઓ પાઠવી હતી.

### ૨૧ જૂનનાં રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી અંતર્ગત

# અમરેલીનાં ૧૬ થી ૨૦ જૂન વોર્ડ–૧થી ૧૧મા યોગ જાગૃતિનાં કાર્યક્રમો યોજાશે

## શહેરીજનોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જણાવાયું

અમરેલી, તા.૧૫


આગામી તા. ૨૧નાં રોજ અમરેલી શહેરમાં વિશ્વયોગ દિનની શાનદાર ઉજવણી કરવામાં આવશે. તે પહેલા અમરેલી નગરપાલીકા વિસ્તારનાં તમામ નગરજનો આ યોગ અંગેની જાગૃતિ અર્થે વોર્ડ ૧ થી ૧૧મા ૧૬મી જૂનથી ૨૦મી જૂન સુધી દરરોજ કાર્યક્રમ યોજવામાં આવશે.

આ અંગે અમરેલી નગરપાલીકાનાં ચીફ ઓફીસર એચ.કે. પટેલનાં જણાવ્યાં મુજબ ગુજરાત સરકાર દ્વારા ૨૧મી જૂનની વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. માનવીની તંદુરસ્તી તેમજ આરોગ્યલક્ષી જીવન માટે યોગ આવશ્યક છે. અમરેલી શહેરનાં નગરજનોમાં યોગ અંગેની જાગૃતતા ફેલાવવાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તારીખ ૧૬મી જુનનાં રોજ સવારનાં ૬:૩૦ કલાકે વોર્ડ નં. ૧ અને ૨ માટે એન.ડી. સંઘવી રૂપાયતન સ્કૂલ મણીનગર ખાતે, તારીખ ૧૭મી જૂનનાં રોજ વોર્ડ નં. ૩ માટે સવારનાં ૬:૩૦ કલાકે બ્રાહ્મણ મહાદેવ મંદિર બ્રાહ્મણ સોસાયટી ખાતે, તારીખ ૧૮મી જૂનનાં રોજ વોર્ડ નં. ૫મા ભોજલરામ પ્રાથમિક શાળા કેરીયા રોડ ખાતે ૧૯મી જૂનનાં રોજ વોર્ડ નં. ૬મા હિરકબાગ ફાયર સ્ટેશન ખાતે અને સવારનાં ૬:૩૦ કલાકે વોર્ડ –૭મા તાલુકાશાળા લાયબ્રેરી પાસે અને વોર્ડ નં. ૮માં સરસ્વતી વિદ્યા મંદિર, ઓમનગર જેશિંગપરા ખાતે, તા.૨૦મી જૂનનાં રોજ સવારનાં ૬:૩૦ કલાકે વોર્ડ નં. ૧૦ અને ૧૧ માટે રામેશ્વર મંદિર સરદાર ચોક ખાતે, યોગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરીજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ખાસ આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ઈકો ફ્રેન્ડલી બકરી ઈદ ઉજવીએ

અમરેલી તા. ૧૫

બકરીનું દૂધ મધુર, શીતળ , ઝાડને રોકનાર અને હલકું છે. તે રકતપિત, અતિસાર (ડાયેરીયા) ટી.બી., ઉધરસ તથા તાવને મટાડનાર છે. બકરીઓ કદમાં નાની હોય છે. તીખા અને કડવા પદાર્થો ખાય છે. પાણી થોડું પીએ છે અને પરિશ્રમ (ચાલવું, દોડવું, ઠેકડા વગેરે ) ઘણો કરે છે. તેથી તેનું દૂધ સઘળા રોગોને મટાડનાર છે. તંદુરસ્ત બકરીનું દૂધ વધુ નિરોગી અને નિર્દોષ ગણાય છે. બકરીનું દૂધ જલ્દી પચે છે.



તેથી નાના બાળકો માટે તે બહુ અનુકુળ છે. બકરીનાં દૂધનું ફીણ વાત, પિત અને કફનો નાશ કરનાર, રૂચિ ઉપજાવનાર, બળને વધારનાર જઠરાગ્નિ વધારનાર, મૈથુનશકિત વધારનાર, અમ્લપિત (એસીડીટી) જુના તાવ વગેરેમાં લાભદાયક છે. બકરીનું દહીં ઉતમ, ઝાડાને રોકનાર, હલકું, ત્રણેય દોષને હણનાર, શ્વાસ, ઉધરસ ટી.બી. રોગમાં તથા દુબળાપણામાં વખણાય છે. બકરીનું ઘી આંખ અંગે હિતકારી, બળને વધારનાર, શ્વાસ, ઉધરસ, ટી.બી. ઉધરસ વગેરે પરહિતકારી છે. પાંડુરોગ અમ્લપિત શોષ, પેટના રોગો, ઝાડા બળતરા, સોજીમાં બકરીના દૂધનાં ઉપયોગ હિતકાર સ્ત્રીઓને યોનિના રોગો, શુક્ર સંબંધિ રોગો, મૂત્રના વિકારો, મળ ગંઠાઈ ગયા હોય, વાયુના વિકારો, પિતના વિકારોમાં પણ હિતકારી છે. બકરી સામાન્ય રીતે જે પાલો ખાય છે તેમાં ફેરફાર કરવાથી તેની દૂધની ગુણવતામાં ફેરફાર આવશે. રાત્રે પશુ હેરફેર ઓછું કરતું હોવાથી સવારે દોહવાનું દૂધ કરતાં પચવામાં માર પડે છે. બકરીનું દૂધ એ કુદરતી રીતે એકરસ અને સરળતાથી તેને જ પચી જાય છે. બકરીનું દૂધ માત્ર વીસ મિનિટમાં જ પચી જાય છે. બકરીના દૂધમાં રહેલા ચરબીના બે માઈક્રોન જેટલા નાના કણોને લીધે એકરસ લાગે છે. રાયબોફલેવિન અને બાયોટીન, પેન્ટોથેનિક એસીડ, વિટામીન ડી અને પોટેશિયમ માટે બકરીનું દૂધ એ ઘણું ઉતમ છે. બકરીનું દૂધ ઓછો કોલેસ્ટ્રોલ વધારે કેલ્શિયમ, ફોસ્ફરસ, વિચામીન એ, બી ધરાવે છે. બકરીના દૂધ તારા વજનમાં વધારો, લોહીમાં વિટામીન, લોહતત્વોનો વધારો અને શરીરમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળેલ છે. બાળકોના દુગ્ધ આહાર માટે બકરીનું દૂધ ખૂબ જ અગત્યતા પ્રતિપાદિત કરેલ છે. બકરીના દૂધનું દહીં નરમ છે. દૂધમાંથી સ્વાદિષ્ટ ચીઝ બને છે, જે લોકો ખૂબ પસંદ કરે છે. ઘણા સંશોધન દ્વારા નોંધપાત્ર ઠરેલ છે કે બકરીનું દૂધ એ હદય, આંતરડાને તથા ખોરાકની પાચકતા અને પોષણ સંબંધિત રોગોના દર્દીઓના સારવારમાં ખૂબ જ મહત્વનું પૂરવાર થયેલ છે. બકરીનું દોહન, સાફ સફાઈ ચરણમાં લઈ જવી વગેરે માવજતના કામ કૌટુંબિક સભ્યો, સ્ત્રીઓ, બાળકો વગેરે કરતા હોવાથી મજુરી ખર્ચ ચઢતો નથી. દૂઝણી બકરી દીઠ વાર્ષિક ખર્ચ સરેરાશ રૂ. ૬૦૦–૭૦૦ થાય છે.

જયારે દૂધ ખાતર વગેરે મળી અંદાજીત આવક રૂા. ૧૩૦૦–૧૫૦૦ થાય છે. આમ બકરી દીઠ ચોખ્ખો નફો રૂ. ન ૭૦૦–૮૦૦ થાય છે.બકરીના દૂધમાં થી દહી, ચીઝ જેવી બનાવટો બનાવી શકાય છે. શહેરી વિસ્તારના ઉપયોગ માટે માવા, ઘી, મસ્કો બનાવવામાં આવે છે. આ દૂધમાંથી સંદેશ નામની વાનગી તથા પનીર પણ સારા બને છે. આ દૂધને ૧૦ થી ૨૫ %ની માત્રામાં ભેંસના દૂધ સાથે ભેળવી ચીઝ બનાવવામાં આવે તો સુંદર પ્રકારનું ચીઝ દસ મહિનાના બદલે ચારથી છ મહિનામાં તૈયાર થઈ છે. ભેંસ અને બકરીના એકસરખી માત્રાના મિશ્રણથી સુંદર ગુણવતાવાળું મોનોરેલા ચીઝ જે પીઝા બનાવવામાં વપરાય છે. તે સારી બની શકે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ નિયમિત બકરીનું દૂધ પીતા અને તેમણે પોતે પણ બકરીના દૂધ પીવાનો સૌને સારો એવો પ્રચાર–પ્રસાર કર્યો હતો.

# અનુબંધમ વેબપોર્ટલનાં માધ્યમથી તા.૨૦ જૂને ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૧૫

અમરેલી, ૧૫ જૂન ૨૦૨૪ (શનિવાર) અમરેલી જિલ્લામાં યુવાઓને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુથી અનુબંધમ વેબપોર્ટલનાં માધ્યમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી ક્ષેત્રનાં એકમ–એક્સિસ બેંક માટે ખાલી જગ્યાને અનુરૂપ ગ્રેજયુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા ૨૨ થી ૩૦ વર્ષની વયમર્યાદા ધરાવતા ઉમેદવારો માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.


લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલનાં ડિજીટલ માધ્યમથી ભરતીમેળાનું આયોજન તા.૨૦ જૂન, ૨૦૨૪ ગુઢવારનાં રોજ સવારે ૧૧ વાગ્યે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જિલ્લા સેવા સદન–૨, બહુમાળી ભવન, સી–બ્લોક, પ્રથમ માળ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ ખાતે હાથ ધરવામાં આવશે.ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતનાં તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે. રજિસ્ટ્રેશન લીંક https:anubandham.gujarat.gov. in/account/signup પર નોંધણી કરવી, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# જેતપુરમાં માસુમ બાળા ઉપર દુષ્કર્મ ગુજારનારને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

## રૂરલ ક્રાઈમ બ્રાંચના તત્કાલીન પી.આઈ. મહેન્દ્રસિંહ રાણાની સજા અપાવવામાં મહત્વની ભુમિકા

ઉના, તા. ૧૫

જેતપુરમાં માસુમ બાળા ઉપર દુષ્કર્મ ગુજારનાર શખ્સને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસમાં આરોપીને સજા કરાવવામાં બ્રાંચના તત્કાલિન પી.આઈ. મહેન્દ્રસિંહ રાણા તથા જેતપુર પોલીસની મહત્વની ભૂમિકા હતી. કે અત્રેના નવાગઢ વિસ્તારમાં રહી ભીક્ષાવૃત્તિ તેમજ મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા પરીવારની ફૂલ જેવી માસુમ બાળાને રાત્રીના સમયે કોઈ અજાણ્યો શખ્સ ઉઠાવી જઈ દુષ્કર્મ આચરી નાસી છૂટેલ હતો.



આ અંગેની ફરિયાદ શહેર પોલીસમાં નોંધાતા તત્કાલીન સીટી પીઆઈ વી.કે.પટેલ તેમજ એલસીબી રાજકોટ રૂરલ પીઆઈ મહેન્દ્રસિંહ રાણા, કે જેઓ હાલ ઉના ખાતે પીઆઈ તરીકે ફરજ બજાવે છે. નરાધમને પકડી પાડી તેના વિરૂપ્રધ તમામ કાગળો પુરાવાઓ એકઠા કરી ચાર્જશીટ શરૂ કરી. આ અંગેનો કેસ એડી. સેસન્સ જજ સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતા ફરીયાદી પક્ષે એ.પી.પી. કે.એ.પંડયાએ દલીલો કરતા આરોપીઓ જગદીશ ચેહાણ (રહે.રાજસ્થાન)ને આજીવન કેદની સજા તેમજ ભોગ બનનારને રૂા. ૨ લાખનું વળતર ચુકવવા હુકમ કરવામાં આવ્યો હતો

# બાબરામાં જ્ઞાન જયોત ડિઝિટલ શાળાનો નવાં શૈક્ષણિક સત્રથી ભવ્ય પ્રારંભ થયો








તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વિદ્યાર્થીઓને ડિઝિટલ શિક્ષણ આપતી એવી પ્રથમ શાળા જ્ઞાનજયોત ડિઝિટલ શાળાનો નવાં શૈક્ષણિક સત્રની ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. અહીં રામનગર વિસ્તારમાં આવેલ આ જ્ઞાનજયોત ડિઝિટલ શાળામાં પ્રથમ વર્ષે નર્સરી, એલ.કે.જી. અને એચ. કે. જી. નાં વર્ગો શરૂ કરવામાં આવ્યાં છે.

શાળાનાં મુખ્ય સંચાલક વિપુલભાઈ નડિયાદીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, અહીં શાળામાં વિદ્યાર્થીઓને દરેક ક્લાસમાં ડિઝિટલ બોર્ડ દ્વારા શિક્ષણ આપવામાં આવશે. તેમજ એક્ટિવિટી, વીડિયો, એનિમિશન દ્વારા શિક્ષણની સુવિધાઓ તેમજ ઈન્ડોર અને આઉટ ડોર સ્પોટ એક્ટિવિટી દ્વારા શારિરીક વિકાસ પર પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તાલીમી અને અનુભવી સ્ટાફ શાળામાં રમત–ગમતનું વિશાલ મેદાન અને સાધનો મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકને અહીં શાળામાં એડમિશન મેળવી રહ્યા હોવાનું અંતમાં જણાવ્યું હતું.

## ધારાસભ્યો મહેશ કસવાલા અને હીરાભાઈ સોલંકીની રજૂઆત સફળ

# ભૈ વાહ : સાવરકુંડલાથી રાજુલા વચ્ચે ૨૨૫ કરોડનાં ખર્ચે ફોરટ્રેક માર્ગ બનશે

સાવરકુંડલા-રાજુલા વાયા બાઢડા અને થોરડી થઈને આધુનિક ઢબે માર્ગ બનાવાશે

પિપાવાવ પોર્ટથી વાયા સાવરકુંડલા, અમરેલી થઈને ગાંધીનગર સુધી ફોરટ્રેક બનાવવા પણ રજૂઆત

વર્ષોથી ટ્રાફિકથી ધમધમતો માર્ગ ફોરટ્રેક બનવાથી વાહનચાલકોમાં ખૂશીનો માહોલ

અમરેલીથી તમામ તાલુકા મથકોને જોડતા માર્ગોને પણ ફોરટ્રેક બનાવવાની જરૂર




સાવરકુંડલા, તા. ૧૫

રાજકીય નેતાઓ નામના નહિ પણ કામના કારગત નીવડે ત્યારે જ વિકાસનો પર્યાય શકય બને છે ને હંમેશા હોદા માટે નહિ પણ ગ્રામીણ ગામડા સાથે શહેરની સુખાકારી અને ગામનો વિકાસનું લક્ષ લઈને રાજકારણ કરતાં બે બે ધારાસભ્યોની આગવી કોઠાસુઝને કારણે સાવરકુંડલાથી જાફરાબાદ વિસ્તારના પરિવહનની સગવડતા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૨૫ કરોડની ફાળવણી થતાં રાજુલા-જાફરાબાદનાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને સાવરકુંડલા-લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની જહેમત રંગ લાવી છે. સાવરકુંડલાથી છેક જાફરાબાદ સુધીના માર્ગો પર તોબા પોકારી ઉઠે તે પ્રકારના સ્ટેટ હાઈવેના માર્ગોથી વાહનચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા હતા ત્યારે જનપ્રતિનિધિ બનીને લોકોની સુખાકારી અને સગવડતાઓ સરકારમાંથી મળી રહે તેવા

અનુસંધાન પાના ૬ ઉપર

## લુખ્ખા તત્વોને પોલીસનો કોઈ ડર નથી

# ધારીનાં દેવળા ગામે મહિલા સામે ફલાઈંગ કિસ કરનારની દાદાગીરી

### સ્થાનિક પોલીસે લફંગા શખ્સો વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો

અમરેલી, તા. ૧૫

ધારી તાલુકાના દેવળા ગામે રામજી મંદિર ચોરા પાસે રહેતા નિલેશભાઈ મનુભાઈ વેકરીયા નામનાં ૨૭ વર્ષિય ખેડૂત યુવક તથા વર્ષાબેન નામની મહિલા તા. ૧૩ ના રોજ સાંજે ૫:૩૦ કલાકે પોતાના હવાલાવાળું મોટર સાયકલ લઈને પોતાની વાડીએથી પોતાના ઘર તરફ આવતા હોય. ત્યારે દેવળા ગામે શેરીના નાકે ગોપાલ પાન સેન્ટર નામની દુકાન પાસે પહોંચ્યા હતા ત્યારે તે જ ગામે રહેતા અજયભાઈ શૈલેશભાઈ અદગામા ત્યાં ઉભો હોય મહિલાની સામે જોઈ દાંત કાઢેલ અને ફલાઈંગ કિસ કરેલ હોય. જે અંગે મહિલાએ ખેડૂત યુવકને ઘરે જઈ વાત કરતા યુવકે આ બાબતે ઠપકો આપેલ હતો બાદમાં યુવક પોતાની વાડીએ જતા રહેલા હતા. બાદમાં આરોપી તેની સાથે કોઈ અજાણ્યો માણસ લઈને યુવકની વાડીના ગાડા માર્ગે ઠપકો આપતા આ બાબતે આરોપીને સારૂ નહિ લાગતા એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપીએ હાથમાં રહેલ લાકડાનો બડીયો યુવકને જમણા પગના પીંડીના ભાગે બીજો ઘા સાંથળ ના ભાગે મારેલ અને બીજા બે અજાણ્યા ઈસમો તથા બીજા આરોપી તથા તેની સાથે એક અજણયાના હાથમાં રહેલ લાકડાનો ધોકા વડે એક પછી એક આવી યુવકને બેઠકવાળી જગ્યાએ માર મારી શરીરે મુંઢ ઈજા કર્યાની પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

## ખારાશવાળી રેતીની સફાઈ કરવા માટેનું કારસ્તાન

# લ્યો બોલો : રાજુલાનાં જોલાપરી નદીમાંથી પસાર થતી નર્મદા યોજનાની પાઈપલાઈનમાં ભંગાણ કર્યુ

### એક તરફ રેતીચોરી અને ઉપરાંત પાણીની પણ ચોરી



અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાના જોલાપુર ગામ નજીક નેશનલ હાઈવે રોડ ઉપર જોલાપરી નદીમાં મહિ પરિયોજનાનું પાણી મેઈન પાઈપલાઈન દ્વારા પહોંચાડવામાં આવે છે. આ પાઈપલાઈનમાં ભંગાણ કરીને ખનીજ માફિયાઓ દ્વારા નદીની રેતી ખારાશ

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજકોટનાં અગ્નિકાંડ બાદ પણ ગેમઝોન ધમધમતા હતા

# અમરેલીનાં જુના માર્કેટયાર્ડ અને સીટીમોલ કોમ્પ્લેક્ષમાં વગર મંજૂરીએ ચાલતા ગેમઝોન ઝડપાયા

### પોલીસે ''મસ્ત ગેમઝોન'' અને ''ગેમ કોર્નર''નાં સંચાલક વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૫

રાજકોટ ખાતે ગેમઝોનમાં અગ્નિકાંડ થયા બાદ સમગ્ર ગુજરાતમાં ફાયર સેફટી અંગે ચેકિંગ હાથ ધરવામાં આવેલ છે. ત્યારે ફાયર ટીમ ઉપરાંત હવે પોલીસે પણ અમરેલીમાં ચેકિંગ હાથ ધરી અમરેલી જુના માર્કેટીંગ યાર્ડમાં આવેલ 'મસ્ત ગેમ ઝોન'ના સંચાલક તથા અમરેલીના રાજકમલ ચોક, સીટી મોલ કોમ્પ્લેક્ષમાં આવેલ 'ગેમ કોર્નર'ના સંચાલકો સહિત બે સામે સીટી પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં અમરેલીમાં

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)